

SWARGA ROHAN
DANTA ROAD, A...BAJI,
DIST. BANAS...NTHA (GUJ.)
PH. (0274...

# અધ્યાત્મ

વર્ષ : ૧ અંક : ૭ એપ્રિલ-૧૯૮૦

## એગ્રો સર્વિસ એજન્સીઝ


બિયારણ અને દવાઓના વેપારી

જિલ્લા સહકારી બેંક સામે – ભાવનગર

## અંબિકા ફર્ટીલાઈઝર્સ

બિયારણ અને દવાઓના વેપારી

બસ સ્ટેન્ડ પાસે – તળાજા

શ્રી યોગેશ્વરજી

## દર્શાવશો ?

શ્રી યોગેશ્વર

ના જાણે કો કેટલા બધા વખતથી
પૂજાનાં પુષ્પો લઈને ઊભો છું,
તમામ મંગલમય મંદિરદ્વારે પ્રેમપૂર્વક પ્રતીક્ષા કરું છું.
ના જાણે કેટલા બધા વખતથી
ધૂપદીપનૈવેદ્ય—સેવાની સામગ્રીને લઈને ઊભો છું.

તમારા વિના મારું કોઈ જ નથી.
આરાધ્ય, ઉપાસ્ય, પ્રેમાસ્પદ પ્રાપ્તવ્ય.
તમારા વિના મારા મનમાં અંતરમાં
અણુ અણુમાં બીજું કોઈ જ નથી.

વખત વીતતો જાય છે
લગન વધતી જાય છે.

પૂજાની ઘડીઓ ઘટતી જાય છે, ઓછી થાય છે.
વખત વીતી જાય વ્યથારૂપ થાય તે પહેલાં
મંદિરદ્વાર ઉઘાડશો, મને અપનાવશો ?
મધુર મુખ બતાવશો ? કૃપા કરીને બતાવશો ?
તમારા અનુરાગ પણ મારાથી ઓછો નથી
એ દર્શાવશો ?


પ્રભુને પત્ર લખતાં શીખો
—યોગેશ્વરજી

# CADIP
## LABORATORIES

*Manufacturers of*

***Transfusion Fluids Solutions
and Food Products***

*Office*
3083/1 Noor Estate, Biscuit Gali,
Pankor Naka, Ahmedabad
Phone : 385039, 388592 Res : 68057

"ખોરાક અને રહેઠાણ એ તનની જરૂરિયાત છે, પ્રેમ અને પ્રાર્થના એ મનનો ખોરાક છે."

-શ્રી યોગેશ્વરજી

## મહારાષ્ટ્ર બોર્ડીંગ હાઉસ

રાવપુરા, પ્રતાપ રોડ,
વડોદરા-૧

"તનના રોગ નિવારણ માટે ઔષધિનું જેટલું મહત્ત્વ છે, તેટલું મનના રોગ નિવારણ માટે ભગવદ્દસ્મરણનું-સત્સંગનું."

-મહારાજ શ્રી સહજાનંદ સ્વામી

## શ્રી ગણેશ ઔષધ ભંડાર

**આયુર્વેદિક ઔષધિઓ બનાવનાર તથા વેચનાર**

નરનારાયણ મંદિર, કાલબાદેવી રોડ,
મુંબઈ-૨

# અધ્યાત્મ

વર્ષ : ૧, અંક : ૭, છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૨-૦૦, વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ (વિમાનથી)

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણિકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગ)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર-૩૬૪૦૦૧

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની: તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| જ્ઞાનના પ્રકાર | ૫ | શ્રી યોગેશ્વરજી |
| ભક્ત પીપાજી | ૭ | શ્રી જ્યોત્સના બી. ત્રિવેદી |
| શ્રેયયાત્રા–(૭) | ૧૪ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| મયૂરાસન | ૧૯ | શ્રી મણિભાઈ શાહ |
| મૌનમંદિરનો પરિચય અને નિવાસ | ૨૨ | શ્રી સર્વેશ્વરી |
| **गुर्वष्टकम्** | ૨૬ | શ્રી ઈશ્વરભાઈ પટેલ |
| પ્રકાશના પંથે | ૨૯ | શ્રી યોગેશ્વરજી |
| હરિ મળવાનું ટાણું | ૪૦ | શ્રી નિષ્કુળાનંદ સ્વામી |
| ધૂન | ૪૦ | શ્રી રાજેશ કાપડિયા |
| આહના | ૪૧ | શ્રી યોગેશ્વરજી |
| ગીતાની શક્તિ | ૪૨ | શ્રી યશસ્વીભાઈ મહેતા |
| **सर्वेऽत्र सुखिनः सन्तु** | ૪૩ | પ્રા. જનાર્દન જ. દવે |
| એક અજ્ઞાત મહાપુરુષનું સાક્ષાત દર્શન | ૪૯ | શ્રી યોગેશ્વરજી |
| 'ફૂલપાંખડી' | ૫૫ | સં. અલ્પજ્ઞ અલગારી |
| પ્રાર્થનાની શક્તિ | ૫૭ | શ્રી રવીન્દ્ર મોટવાણી |
| પ્રશ્નોત્તરી | ૬૦ | શ્રી યોગેશ્વરજી |
| પરમ શક્તિ | ૬૩ | શ્રી અરવિંદ |


# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો.

વર્ષ : ૧ એપ્રિલ–૧૯૮૦ અંક : ૭


## જ્ઞાનના પ્રકાર

**શ્રી યોગેશ્વરજી**

જ્ઞાન બે પ્રકારનું કહેવાય છે. બૌદ્ધિક જ્ઞાન અથવા શ્રવણ, વાંચન, મનનના પરિણામે પ્રાદુર્ભાવ પામેલું જ્ઞાન અને સ્વાનુભૂતિના પરિણામે સાંપડેલું જ્ઞાન. એક પરોક્ષજ્ઞાન અને બીજું અપરોક્ષ જ્ઞાન. એક શાસ્ત્રોનું, ગ્રંથોનું અને બીજું પોતાનું આચારમાં અનુવાદિત થયેલું જ્ઞાન. બંને પ્રકારનાં જ્ઞાન પરસ્પર પૂરક છે. સમાજમાં એ બંને પ્રકારના જ્ઞાનવાળા માનવો દેખાય છે. એક પ્રકારના માનવો સિદ્ધાંતો, આદર્શો, વ્રતો તથા નિયમોની કદી ખૂટે નહિ તેવી મોટી મોટી વાતો કર્યા કરે છે, અન્યને એમની ભલામણ કરે છે અને ઉપદેશ આપે છે, પરંતુ પોતાના જીવનમાં એમનો અનુવાદ કરી શકતા નથી. કેટલીક વાર તો એમના અનુવાદનો આગ્રહ પણ નથી સેવતા. એમને જે જ્ઞાન મળે છે તે એમનું પોતાનું નથી બનતું.

બીજા પ્રકારના માનવો બોલે છે ઓછું પરંતુ કરવાનો આગ્રહ અધિક રાખે છે. એ સિદ્ધાંતો, આદર્શો, આદેશો, તથા જીવનોપયોગી સ્વર્ણસંદેશાને વ્યક્તિગત જીવનમાં ઉતારવાનો અથવા આત્મસાત કરવાનો આગ્રહ રાખે છે. એવા માનવોનું મનોબળ અથવા આત્મબળ વધારે દેખાય છે. એમનાં જીવન બીજાને માટે ઉદ્‌બોધક અને પ્રબોધક બને છે. પ્રેરક ઠરે છે.

જીવનની સાચી શાંતિ અને સંવાદિતા આદર્શો ને સિદ્ધાંતોનું પોપટપારાયણ કરનારાને નથી મળતી પરંતુ એમને અનુસરીને જીવનારાને મળી શકે છે. એમના જીવનમાં સ્થિરતા આવે છે. એમની અંદર અસાધારણ અખૂટ આત્મબળનો આવિર્ભાવ થાય છે. એમની વાતો વિશ્વસનીય તેમ જ વાસ્તવિક લાગે છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં "જ્ઞાન વિજ્ઞાન સહિત" શબ્દપ્રયોગ કરીને સૂચવવામાં આવ્યું છે કે બૌદ્ધિક જ્ઞાનનો અનુભવાત્મક અપરોક્ષ જ્ઞાન સાથે સમન્વય થાય છે ત્યારે જ્ઞાન સર્વાંગ સુંદર, સંપૂર્ણ બને છે અને સર્વ પ્રકારના અશુભ ભાવો, વિચારો, વ્યવહારોમાંથી વિમુક્તિ આપે છે. જીવનને નિર્મળ. નિર્ભય, નિર્લેપ, નિરહંકાર બનાવે છે. અને અવનવો આકાર ધરે છે.

સમાજમાં બૌદ્ધિક પ્રતિભાસંપન્ન પુરુષો વધે એ આવકારદાયક છે તોપણ, અનુભવસિદ્ધ ઉદાત્ત જીવનવાળા સત્પુરુષો વધે એ સમાજની સુખાકારી, શાંતિ, સ્વસ્થતા, સમુન્નતિ અને સુદૃઢતાને માટે ખૂબ જ આવશ્યક છે. આપણે એવા જ્ઞાની જ નહિ, વિજ્ઞાની બનવાનો સંકલ્પ કરીએ.

[ રાજકોટ ૪-૫-૧૯૭૯ શુક્રવાર ]

❋

## પરમ સત્ય એક જ છે

પરમ સત્ય એક છે, અવિનાશી કે સનાતન છે, અને બીજાં સત્યોનો એમાંથી જ ઉદય થાય છે. એને કોઈ એક પ્રક્રિયા, ફિલસૂફીની પ્રણાલી કે શાસ્ત્રમાં કેદ ના કરી શકાય. બીજા સંપ્રદાયોમાં રહેલા સત્યની જો આપણે અવજ્ઞા કરીએ તો સત્યના મર્મને આપણે નથી સમજતા. ઉત્તમોત્તમ આધ્યાત્મિક સત્યને જીવી શકાય છે, જોઈ શકાય છે, પરંતુ આંશિક રૂપે જ વ્યક્ત કરી શકાય છે.

—શ્રી અરવિંદ



# ભક્ત પીપાજી

શ્રી જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી

"પીપા પાપ ન કીજીયે, સો હિ પુણ્ય કમાઈ."

ગુજરાતના ખ્યાતનામ કવિ શ્રી સુંદરજી ગો. બેટાઈએ, પીપા ભગતે જોયેલું "સમુદ્રમાં દ્વારિકાનું નિમજ્જન" એ વિષય ઉપર એક સુંદર કાવ્ય લખ્યું છે.

એ કાવ્ય અભ્યાસકાળ દરમિયાન વાંચતાં ભક્ત શ્રી પીપાજી વિષે જાણવાની જિજ્ઞાસા સહેજે થયેલી. પરંતુ તે સમયે યથાર્થ રીતે એ સંતોષાઈ ન હતી.

દૈવયોગે પોર્ટ વિકટર પાસે આવેલા પીપાવાવ ગામે પણ જવાનું બન્યું ને એ ભક્તની પુણ્યસ્મૃતિ સાથે જોડાયેલું એમનું પવિત્ર સ્થાન, સદાવ્રત અને મીઠાં જળનો કૂવો પણ જોયાં. છતાં એમના જીવન વિષેની સાચી જાણ તો છેક હમણાં જ થઈ. એમનું જીવન ખરે જ અદ્‌ભુત હતું, અને એ મહાભક્તમાં ત્યાગ અને વૈરાગ્યની ભાવના કેટલી પ્રબળ હશે કે ગુરુની આજ્ઞા થતાં એક ક્ષણમાં જ રાજગાદી છોડી ગુરુ સાથે ચાલી નીકળ્યા.

શ્રી રામાનંદાચાર્ય એમના ગુરુ થાય.

તેઓશ્રી જ્યારે કાશીમાં વિરાજતા હતા ત્યારે એમની ખ્યાતિ સાંભળી ગાંગરોનગઢના ક્ષત્રિય રાજવી પીપાજી એમનાં દર્શને આવ્યા. પીપાજી આમ તો દેવીભક્ત, પરંતુ શ્રી રામાનંદજીનાં દર્શનથી ખૂબ પ્રભાવિત થઈ અને એમની પાસે રહેવાની અનુજ્ઞા માગી. યોગ્યતાની ચકાસણી વગર અનુજ્ઞા આપે એવા ગુરુ શ્રી રામાનંદજી ન હતા.

એમણે કહ્યું, "પીપાજી, અહીં તો ત્યાગીઓને સ્થાન છે, ગૃહસ્થીઓને નહિ."

એનો નિશ્ચય પણ અફર હતો. એ સાચા અર્થમાં રાજાની સહધર્મચારિણી હતી અને પતિની સાથે જ સર્વત્યાગ કરી વૈરાગણ થવામાં એણે પોતાનું પરમ સૌભાગ્ય માન્યું. આમ પતિપત્ની બંને શ્રી રામાનંદજી સાથેના શિષ્યમંડળમાં યાત્રાએ જવા જોડાયાં. ને તેઓની સાથે વિચરવા લાગ્યાં.

ધન્ય છે પીપાજી અને પદ્માવતીના ત્યાગને કે સદ્ગુરુ મળતાં, પળના ય વિલંબ વિના સર્વસ્વનો ત્યાગ કરી એ ચાલી નીકળ્યાં. ભારતના સંતોના વિશાળ નક્ષત્રમંડળમાં આ રાજવી દંપતીનું સ્થાન ખરે જ ગૌરવભર્યું છે. એમનો ત્યાગ, કરુણા ને સમર્પણ અનુપમ છે, જે યુગો સુધી માનવ-સમાજને પ્રેરણા પાતાં રહેશે.

દ્વારિકાની યાત્રા પછી ગુરુજીની આજ્ઞા પ્રમાણે આ દંપતી એકલાં ભારતનાં તીર્થસ્થાનોની યાત્રાએ ફરવા લાગ્યાં. માર્ગમાં એમને અનેક મુશ્કેલીઓ પડી પણ હર વખતે પ્રભુએ એમની રક્ષા કરી. કોઈ વાર જંગલમાં રાની પશુઓ મળતાં તો કોઈ વાર ઘણા દિવસો સુધી ખાવાનું ન મળતું. આમ છતાં ન ડગ્યા ભક્ત પીપાજી કે ન ડગ્યાં એમનાં સહધર્મ-ચારિણી પદ્માવતી.

એક વાર આ દંપતી ચાલતાં ચાલતાં ચિધડ નામના ભક્તને ત્યાં આવી પહોંચ્યાં. ચિધડ અને એમની પત્નીએ આ પરમ ત્યાગી રાજવી ભક્તોનું ઉમળકાભેર સ્વાગત કર્યું, પરંતુ એમની આર્થિક સ્થિતિ અતિ કંગાળ હતી. પીપાજી અને એમની પત્નીને ભોજન કરાવવા માટે એમની પાસે કશી સાધનસામગ્રી ન હતી.

આમ છતાં એ નિરુત્સાહ ન થયાં. આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢતાં ચિધડનાં પત્ની બોલ્યાં, "પતિદેવ, મુંઝાવ છો શું કરવા ? આ મારા શરીર પરનું એકમાત્ર વસ્ત્ર છે, તેને



વેચીને ભોજનસામગ્રી લઈ આવો. ભક્ત દંપતીને ભૂખ્યાં થોડાં જ જવા દેવાશે ?"

ચિધડજીને પત્નીનું એકમાત્ર વસ્ત્ર વેચતાં ખૂબ દુઃખ તો થતું હતું, કારણ શરીરની લાજ ઢાંકવા હવે એમની પાસે બીજું કોઈ વસ્ત્ર ન હતું. છતાં બીજો ઉપાય ન હતો.

આખરે ચિધડજીએ ખરીદેલ સામગ્રીથી તેમનાં પત્નીએ રસોઈ તો બનાવી. પરંતુ તે પછી પોતાની લાજ ઢાંકવા તેઓ ઘરના એક અંધારા ખૂણામાં જઈ ને ભરાઈ બેઠાં.

જમતી વખતે, ભક્ત પીપાજી અને એમની પત્ની પદ્મા-વતીએ ચિધડજીને એમનાં પત્નીને પણ સાથે જમવા બોલાવવા આગ્રહ કર્યો. ચિધડજીએ અનેક બહાનાં બતાવ્યાં, પરંતુ પદ્માવતીએ તે માન્ય ન રાખ્યાં. ને તેઓ તેમને બોલાવવા જાતે ઘરના અંદરના ભાગમાં ગયાં.

ત્યાં તો ચિધડજીનાં પત્નીએ ઓરડાના અંધારા ભાગમાં રહ્યે રહ્યે જ કહ્યું, "બેન, શરીર ઉપર લાજ ઢાંકવા વસ્ત્ર હોવું કે ન હોવું એ મહત્ત્વનું નથી. પરંતુ આપ જેવાં ભક્તો અમારે આંગણેથી ભૂખ્યાં ન જાય, એ અમારે મન ઘણું મહત્ત્વનું છે."

હવે પદ્માવતી સમગ્ર વાતનું રહસ્ય પામી ગયાં. ચિધડ દંપતીનો ત્યાગ ને સંતસેવાની આવી ઉત્કટ ભાવના જોઈ એમનું અંતર દ્રવી ગયું ! એમણે તુરત પોતાના અંગ ઉપરની સાડીનો અર્ધો ભાગ ફાડીને ચિધડજીનાં પત્નીને આપ્યો. તેઓ પણ પદ્માવતીની આવી ઉત્તમ ભાવના જોઈ પ્રસન્ન થયાં. આમ બંને ભક્ત દંપતીએ સાથે જ ભોજન કર્યું.

એ રાતે ભક્ત પીપાજીને ઊંઘ ન આવી. આખી રાત એમને ચિધડની ગરીબાઈ શી રીતે દૂર કરી શકાય એના જ

વિચારો આવવા લાગ્યા. "હવે રાજગાદી તો હતી નહિ કે ધન લાવી આપી શકે."

પતિનો આ અજંપો સતી પદ્માવતીથી થોડો છૂપો રહી શકે? એમણે પૂછ્યું, "સ્વામી, શી ચિંતા કરો છો? શું ઊંઘ નથી આવતી?".

પીપાજીએ કહ્યું, "દેવી, ચિધડને ત્યાં આપણે ભોજન તો કર્યું, પરંતુ એનું ઋણ શી રીતે અદા કરી શકીશું?"

પદ્માવતી પણ વિચારમાં પડી ગઈ! પરંતુ એમને તુરત જ એક વિચાર સૂઝ્યો, અને પોતાના પતિને તે કહ્યો. સાંભળી પતિની આંખો વિસ્મયથી પહોળી થઈ ગઈ અને આશ્ચર્ય પામી તે પદ્માવતી સામે ભાવસભર નેત્રે જોઈ રહ્યા!

બીજે દિવસે પીપાજી અને પદ્માવતી બજારના ચોકમાં આવીને ઊભાં રહ્યાં.

પીપાજી ગાવા લાગ્યા ને પદ્માવતી નૃત્ય કરવા લાગ્યા! શો રંગ જામ્યો છે! ભક્તિસભર પીપાજીનો કંઠ અને સુંદર અભિનયયુક્ત છતાં પ્રભુસમર્પિત ભાવપૂર્ણ પદ્માવતીનું નૃત્ય જોઈ લોકો ખૂબ ખુશ થઈ ગયા! એમણે એમના ઉપર પૈસાનો વરસાદ વરસાવી દીધો. જીવનના યૌવનકાળમાં શૃંગારની ભાવનાથી સાધેલી કલા આજે એક ભક્તના દારિદ્ર્યને ફેડવામાં કારણભૂત બની ગઈ! કેવી છે પ્રભુની લીલા!

બધું નાણું ભેગું કરી, ભક્ત પીપાજીએ ભક્ત ચિધડને આપતાં કહ્યું, 'ભક્તરાજ, આપની ભાવનાની તોલે મારી ક્ષુદ્ર ભેટ ન આવી શકે, પરંતુ આપ એ સ્વીકારી અમને ઉપકૃત કરો."

પીપાજીની નમ્રતા અને પ્રેમભાવ જોઈ ચિધડ ગદ્ગદ્ થઈ ગયા! પીપાજી અને પદ્માવતીએ આ નાણાં બજાર વચ્ચે



નૃત્ય કરીને પોતા માટે ઊભાં કર્યાં, એ સાંભળીને તો તેઓ આ ભક્ત દંપતીનાં ચરણોમાં પડી ગયાં.

તે પછી એ રાજવી દંપતી ત્યાંથી ચાલી નીકળ્યાં. રાતે એક ધર્મશાળામાં મુકામ કર્યો. પદ્માવતી નૃત્ય અને પ્રવાસના લીધે થાકી ગયેલાં. પીપાજીને થયું, "આજે દેવી થાકી ગયાં છે. લાવ જરા પગ દાબી દઉં."

પગે સ્પર્શ થતાં જ પદ્માવતી જાગી ગયાં! બોલ્યાં, "સ્વામી શું કરો છો?"

"આ ચરણોએ આજે એક મહાન સુકૃત કર્યું છે. એમની થોડી સેવા કરી, પુણ્યનો થોડો ભાગીદાર થાઉં."

પદ્માવતી તુરત બોલી ઊઠયાં, "સ્વામી રાખો, રાખો. એમ કરશો તો મારે તમારા કંઠનો થાક ઉતારવા, ગળાને દબાવવું નહિ પડે?"

આ શબ્દો સાંભળતા જ પીપાજી હસી પડ્યા! કેવો નિર્વ્યાજ પ્રેમ!

કહેવાય છે કે આ યાત્રા દરમ્યાન પીપાજી અને પદ્માવતીજીએ કામીઓનાં હૃદય નિર્વિષ કરેલાં, અનેક ક્રૂર લોકોને કરુણાવાન કરેલા, અને સંસારમાં બદ્ધ કેટલાય લોકોને ભક્તિનું રસાયણ પાઈ, આધ્યાત્મિક માર્ગે વાળેલા. આ માટેનું સઘળું બળ એમને એમના ત્યાગ, વૈરાગ્ય અને સમર્થ ગુરુ રામાનંદજીના આશીર્વાદમાંથી મળેલું.

# શ્રેયયાત્રા

શ્રી ભાઈલાલભાઈ છાટબાર

(૭)

## ઉત્કટતા, "અહં"નો લય અને યોગક્ષેમ

આજે તા. ૯–૧૧–૫૨ ની સવારે નવ વાગ્યે ઉતારા પર પહોંચ્યો. પ્રણામ કરીને બેઠો એટલામાં અન્ય બે વ્યક્તિઓ સામેલ થઈ. મહાત્માજી ગાદી ઉપર તકિયાને અઢેલીને બેઠા છે. માતાજી પણ એક અન્ય આસન ઉપર છે. તેઓશ્રી વચ્ચે વચ્ચે બાજુના રસોડામાં આંટો મારી, ફરીથી પાછાં આસન ઉપર બેસે છે. માતાજીનું વાત્સલ્ય–ઝરણું પ્રત્યેક આગન્તુક પ્રત્યે સમાનભાવે વહી રહે છે.

મહાત્માજી આવનાર પ્રત્યેકને સ્મિતથી આવકારે છે અને નેહ નીતરતા નયને દૃષ્ટિ કરે છે. આવનાર કોઈને અહીં અજાણ્યું લાગતું નથી. કોઈ પ્રશ્ન પૂછે તે પહેલાં મહાત્માજી ધીરે ધીરે સૌને વાર્તાલાપમાં ખેંચી જાય છે અને એવી ભૂમિકા તૈયાર થઈ જાય છે કે જિજ્ઞાસુ નિઃસંકોચભાવે પ્રશ્ન પૂછવા પ્રેરાય. આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો :

પ્રશ્ન : સાધનામાં ઉત્કટતા લાવવા શું કરવું જોઈએ ?

મહાત્માજી : નિયમિતતા અને સાધનાના મહાત્મ્યની સમજણ ઉત્કટતા લાવે છે. સંતો અને સદ્ગ્રન્થોનો સમાગમ તેમાં મદદરૂપ થાય છે. પ્રયત્નની સાથોસાથ ભગવાનની કૃપા માટેની પ્રાર્થના, સાધનાની અભિવૃદ્ધિમાં મદદરૂપ થાય છે.

પ્રશ્ન : થોડો સમય વિચાર ન આવે તેવું બને છે તો વિચારોના આક્રમણથી બચવા શું કરવું ?

મહાત્માજી : આરંભમાં વિચારરહિતતા નહિ પણ મંગળ વિચારોની સ્થિતિ મહત્ત્વની છે. વિચારો શુભ બની જાય તે જરૂરી છે.



પ્રશ્ન : 'અહં'નો નાશ કરવા શું કરવું ?

મહાત્માજી : મસ્તક ઊંચું રાખે તેની મુક્તિ નથી. અહંકારથી બચવાનો ઉપાય પ્રાણીમાત્રની સેવા છે. સૌ પ્રત્યે શ્રદ્ધાભક્તિથી જોવાનું રહે છે. ધર્મપ્રાપ્તિના માર્ગમાં તો અભિમાન સાથી પ્રબળ શત્રુ છે. જે રીતે આકાશમાંથી તારાઓ ખરી પડે છે, તે રીતે જરાક જેટલો અહંકાર ઉત્પન્ન થતાં મહાન યોગીઓનું પણ પતન થઈ જતું જોવા મળે છે. તુચ્છમાં તુચ્છ જંતુ તરફ પણ ઘૃણાભાવ ન થવો જોઈએ. સૌની આગળ સાચા અંતઃકરણથી મસ્તક નમાવીને રહેવાથી જ રક્ષા થાય છે. 'અહં'નો લય કરી 'ૐ'ના પરમાનંદમાં જવાનું છે.

સવારની બેઠક થોડી અન્ય વાતચીત બાદ પૂરી થઈ. બપોરે ૩–૩૦ વાગ્યે જઈને પ્રણામ કરીને બેઠો. મહાત્માજી ગાદી ઉપર બેઠા છે. હજી બીજું કોઈ આવ્યું નથી. ત્યાં કનુભાઈ આવ્યા. કનુભાઈ છેલ્લા બાર–પંદર દિવસથી રાતના પ્રવચનમાં પણ હોય છે. કનુભાઈએ ચાલી રહેલ વાત પૂરી થતાં પ્રશ્ન કર્યો.

પ્રશ્ન : '**योगक्षेमं वहाम्यहम्**' એમ ભગવાને ગીતાજીમાં વચન આપ્યું છે તો ભક્તોનો ભાર ભગવાન ઉપાડી લે છે, તે વાત બરાબર છે ?

મહાત્માજી : માત્ર પરમાત્માની પ્રાપ્તિ માટે જ ભક્ત નિરંતર પરમ પ્રેમપૂર્વક ચિંતન કરતો હોય અને પરમાત્મ-પ્રેમમાં વૃદ્ધિ થાય તે માટે પરમાત્માની ભક્તિ કરતો હોય એવા, નિત્ય નિરંતર ભક્તિમગ્ન ઉપાસકને લૌકિક–ભૌતિક સુખોનું સ્મરણ પણ રહેતું નથી. ઈશ્વરમિલન માટે ઉત્સુક આવા ભક્તના લૌકિક અને પારલૌકિક સુખોના યોગક્ષેમનો સમસ્ત ભાર તે ઉપાડે છે.

— ભક્ત પોતાના જીવન દરમિયાન નિર્વાહનાં સાધનો તરફ ઉપેક્ષાભાવ સેવતો હોય તોપણ ભક્તની જરૂરતોનો અને તેના સર્વ પ્રકારના રક્ષણનો બોજો પરમાત્મા ઉપાડી લે છે.

આ શ્લોકમાં આગલું ચરણ '**तेषां नित्याभियुक्तानाम्**' છે. તેમાં 'નિત્ય' શબ્દ બહુ મહત્ત્વનો છે. 'નિત્ય' શબ્દ પળે પળે ચોવીસેય કલાક એવો અર્થ સૂચવે છે.

— આ જ અધ્યાયના ચૌદમા શ્લોકમાં પણ 'નિત્યયુક્તાઃ' શબ્દપ્રયોગ છે. તે શ્લોકની બીજી લીટી '**नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते**'—છે. પહેલી લીટી '**सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः**'—માં 'સતતં' અને 'દૃઢવ્રતાઃ' શબ્દો બહુ મહત્ત્વના છે.

— ચૌદમા શ્લોકમાં 'ઉપાસતે' શબ્દનો પ્રયોગ છે. પરન્તુ તમે પૂછો છો તે બાવીશમા શ્લોકમાં પહેલી લીટી '**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते**'— છે. આ જગ્યાએ 'પર્યુપાસતે' શબ્દ છે, તે વધારે સ્પષ્ટીકરણ કરે છે. 'ઉપાસતે' અને 'પર્યુપાસતે'માં તફાવત છે. અહીં 'પર્યુપાસતે' શબ્દમાં વિવિધ પ્રકારે ઉપાસનાનું સૂચન તો છે ખરું પણ મૂળ તો તે શબ્દ તન, મન અને અંતરથી ઉપાસના કરવાનું સૂચવે છે.

— દૃઢ વ્રતધારી નિષ્ઠાવાન ભક્તની પરમાત્મા સંપૂર્ણ સંભાળ રાખે અને આવો ભક્ત સફળતાને વરે છે.

ઉપપ્રશ્ન : યોગક્ષેમની બાંહેધરી તો પાકી ગણવાનીને ?

મહાત્માજી : પરમાત્માને સર્વસમર્પણ કરીને તેના જ ભરોસે ચાલનાર ભક્ત માટે આ બાંહેધરી પાકી જ છે. આવો ભક્ત ભગવદ્‌ભક્તિ પ્રાપ્ત કરીને અભયપદને પામે છે. ઈચ્છા ન કરવા છતાં આવા ભક્તની પાછળ પાછળ રિદ્ધિ (ઋદ્ધિ) સિદ્ધિ દાસદાસીની જેમ ચાલે છે.



મહાત્માજી પૂછેલ શ્લોકાર્થના અનુસંધાનમાં યોગક્ષેમના વહનની હકીકતના સમર્થનમાં અન્ય શ્લોકોનાં ચરણો પણ ટાંકી રહેલ છે. કયા અધ્યાયના કેટલામા શ્લોકનું કયું ચરણ છે, તેનો પણ સાથે સાથે ઉલ્લેખ કરી રહ્યા છે. અર્થના અનુસંધાનમાં ભક્તિનો ભાવ સ્પષ્ટ કરવા માટે વચ્ચે તેઓશ્રી શ્રીમદ્ ભાગવતમાં આપેલ નવધાભક્તિ અંગેનો શ્લોક પણ બોલેલા.

પ્રશ્નકર્તાને પ્રશ્નનો અર્થ મનમાં સ્પષ્ટ થઈ બરાબર ગળે ઊતરી જાય તે રીતે મહાત્માજી ધીરજપૂર્વક ઉત્તર આપે છે. ઉત્તર અત્યંત સરળતાથી પ્રેમભાવે આપે છે, તે અદ્‌ભુત અસર ઊભી કરે છે.

પ્રશ્નકર્તા એવી રીતે ગૌરવાન્વિત થઈ રહે છે કે તેના મનમાં કદી જ્ઞાનના અભાવનો ભાવ જાગે નહિ.

કનુભાઈ : મારે ત્યાં રોજ રાતે ભજન-કીર્તનનો ક્રમ ચાલે છે તેમાં આપ એક દિવસ પધારો તેવી મારી નમ્ર વિનંતી છે.

મહાત્માજી : ભજન-કીર્તન રોજ થાય છે? તેમાં કોણ કોણ ભાગ લે છે?

કનુભાઈ : મારે ત્યાં વર્ષોથી આ ક્રમ રોજ ચાલે છે. મુખ્યત્વે તો અમે ઘરનાં સૌ તેમાં હોઈએ છીએ. આસપાસના પડોશમાંથી પણ પાંચ-સાત જણ તેમાં આવે છે.

મહાત્માજી : ભજન-કીર્તનમાં અમારું આવવાનું રાખીએ તો અહીંનું એક રાતનું પ્રવચન અને સત્સંગ બંધ રાખવા પડે.

કનુભાઈ : અહીં આવનાર સૌને પણ તે રાતે મારે ત્યાંનું હું નિમંત્રણ આપું છું. મારે ત્યાં વિશાળ ઓશરી અને ચોક છે એટલે બધાંનો સમાવેશ સહેલાઈથી થઈ શકે તેવું છે.

મહાત્માજી : આગળ ઉપર કોઈ એકાદ દિવસે સૌને અગાઉથી ખબર આપીને તેમ ગોઠવી દઈશું. તમે તો રોજ અહીં આવો છો એટલે તમને પણ નક્કી કરેલ દિવસની અગાઉથી જાણ થઈ રહેશે. તમારે ત્યાં ચાલે છે તે ઘણો સારો ક્રમ ગણાય. સારુંય કુટુમ્બ એકઠું થઈને માત્ર રાત્રિ-પ્રાર્થના કરતું હોય તોપણ તેની ઘણી સારી અસર થાય. સૌ સભ્યોને તે દ્વારા સાથે મળીને બેસવાની ઉત્તમ તક સાંપડે છે. બાળકોમાં સંસ્કારસિંચન થાય તે વિશેષ લાભ છે.

સાથે ફરવા જતાં કનુભાઈના ભક્તિભાવ વિશે વાત થયેલી. સંસારી વ્યક્તિને ત્યાં નિયમિત રોજ રાતે ભજનનો ક્રમ ચાલતો હોય તેવું, કનુભાઈનું એક માત્ર ઘર છે, એમ મેં જણાવેલું. કનુભાઈનું જીવન પ્રભુમય છે. પોતાની જીવનદૃષ્ટિ અને રુચિને અનુકૂળ પ્રવૃત્તિ હોય તો તે કરે છે. સદાચારી અને નીતિમત્તાની આગ્રહી વ્યક્તિને વ્યવસાય બદલવાનું અનેકવાર બને છે, તેવું કનુભાઈના જીવનમાં પણ બનતું જોવા મળે છે, એમ મેં વાત કરેલી.


આજે પ્રવચનમાં કવિ નરસિંહરાવનું એક કાવ્ય મહાત્માજીએ ગાયું હતું. રાતનું પ્રવચન પૂરું થઈ ગયું છે. રોજ રોજ નવી નવી ધૂન બોલાઈ-ઝિલાઈ રહી છે. પ્રવચન પછીની સત્સંગ-બેઠકમાં મહાત્માજીએ નિશાની મૂકેલ બે-ત્રણ પૃષ્ઠનું વાચન મેં કરી લીધું છે. વાચન ઉપરા વિચારોની આપ-લે પૂરી થઈ ગઈ છે. કેટલાક ભાઈઓએ જપ, પૂજા, ગીતાપાઠ વિશે પ્રશ્ન કર્યા. મહાત્માજીએ સહજ ભાવે તે સરળ પ્રશ્નોના સરળ રીતે ઉત્તર આપ્યા. મહાત્માજીના બે ગીત-ભજન બાદ બેઠક પૂરી થઈ. સૌએ પ્રણામ કરીને રજા લીધી.

( ક્રમશઃ )



# મયૂરાસન

શ્રી મણિભાઈ શાહ




ચિત્રપટ-૯

મયૂર એટલે મોર. ધરતી ઉપર મોર ઊભો હોય ત્યારે જેવો દેખાય છે તેવો જ દેખાવ આ આસન કરનારના શરીરનો થતો હોઈ આ આસનને મયૂરાસન કહેવાય છે.

આસનની રીત :

(૧) બન્ને ગોઠણ વચ્ચે થોડું અંતર રાખી જમીન પર ટેકવો અને બંને હાથના પંજા અને કોણી ગોઠણની દિશામાં

આવે એવી રીતે બંને હાથના પંજા જમીન પર રાખો–જુઓ નં. ૧. હાથના પંજા કેમ રાખવા તે માટે ચિત્ર નં. ૩ પણ જુઓ.

(૨) પછી બંને હાથ કોણીમાંથી વાળી નીચા નમો અને બંને ગોઠણ બંને પંજાની પડખેથી આગળ લાવો. હવે બંને કોણી સાથે રાખી તેની ઉપર નાભિ નીચેનો પેડુનો ભાગ ગોઠવો–જુઓ ચિત્ર નં. ૩.

(૩) હવે બંને કોણી સુધીના હાથ મજબૂત રીતે ઊભા રાખી બંને પગ પાછળ લંબાવી સીધા કરો. પગના પંજા જમીન ઉપર રાખો – જુઓ ચિત્ર નં. ૪. આ સ્થિતિને હંસાસન પણ કહે છે. હંસાસન એ મયૂરાસનનું હળવું રૂપ છે.

(૪) હવે દંડની જેમ લંબાયેલું આખું શરીર મસ્તકની દિશામાં જરાક ખેંચી લો. આ વખતે કોણી સુધીના હાથ સીધા નહિ રહેતાં થોડા ત્રાંસા થશે. સાથે સાથે શરીરનું વજન કોણી ઉપર બંને બાજુ સરખું ગોઠવી ધીમેથી પગના પંજા ઊંચા કરી લો. શરૂઆતમાં શરીર સમતોલ નહીં રહે પણ વારંવાર ખંતથી અને ધીરજથી પ્રયત્ન કરતાં શરીર કોણીના આધારે સમતોલ થઈ જશે. શરીર ત્રાજવાની દાંડી જેમ સમતોલ રાખતાં આવડે એટલે આસન પૂરું થયું.

શરૂઆતમાં આ આસન શ્વાસ લઈ અને રોકીને કરવાનું છે અને પાંચ સેકન્ડ કરી આસન છોડી દેવું અને શ્વાસ પણ છોડી દેવો. એમ આ આસન બેત્રણ વાર કરવું પરંતુ જ્યારે આસન સહેલાઈથી કરતાં આવડી જાય પછી શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દેવા અને એથી ત્રણ મિનિટ સુધી કરી શકાય.



ફાયદા :

(૧) પાચનતંત્રના અવયવોને શુદ્ધ લોહી સારા પ્રમાણમાં પહોંચાડે છે તેથી તે વધારે નીરોગી બને છે.

(૨) પેટના અવયવોને તેની ઉપરના દબાણ દ્વારા સબળ બનાવે છે.

(૩) અજીર્ણમાં ઉપાય તરીકે ઉપકારક છે.

(૪) પેટના અવયવો લબડીને સ્થાનભ્રષ્ટ થયા હોય તેને માટે પણ આ આસન લાભદાયી છે.

સૂચના : આ આસનમાં ઘણું બળ પડતું હોઈ અત્યંત નબળા શરીરવાળાએ કે માંદગીમાંથી ઉઠેલાએ કરવું હિતાવહ નથી. વળી શરીર સમતોલ રાખવા જતાં આગળ ગબડી જવાનો ભય હોઈ કપાળ જમીન સાથે ભટકાઈ ન જાય તે માટે આગળ ઓશીકું અથવા ચોવડું કપડું રાખવું.

❀

## સાધના

સાધના બીજું કશું નથી પણ એકાંત અને મૌન દ્વારા માનવીએ પોતાની જાતમાં ઊંડા ઊતરવાનો પ્રયત્ન છે. માનવીને કુદરતનું શાંત ને સુંદર વાતાવરણ 'સ્વત્વ'માં ઊંડે જવાનો 'પૌષ્ટિક ધક્કો' મારે છે.

ચિંતનયાત્રા

શ્રી વસંતલાલ કાન્તિલાલ

# મૌનમંદિરનો પરિચય અને નિવાસ

## પોતાની જાતના પરિચય અને અભ્યાસની અનોખી સાધના

શ્રી સર્વેશ્વરી

[ મનુષ્યનું મન સતત બહિર્મુખ રહેતું હોય છે, તેનું કારણ એ છે કે તે એકસરખું બહારના વિષયો સાથે જોડાયેલું રહે છે. તે કદી નવરું પડતું જ નથી. નવરું પડે તો પોતાના સ્વરૂપ વિષે વિચારે ને ?

આ મનને બહારના વિષયોથી વિમુખ થવાનો યોગ ત્યારે જ પ્રાપ્ત થાય છે, જ્યારે મનુષ્ય એકાંતમાં એકલો બેસે છે, જ્યાં એને પોતા સિવાય બીજા વિષે વિચારવાનો કોઈ અવકાશ નથી રહેતો. ત્યારે તે મન પોતામાં વળે છે, ને તે જીવનનો હેતુ, આત્મતત્ત્વ અને ઇશ્વર વિષે વિચારવા લાગે છે.

એકાંત પચાવવાના થોડા અભ્યાસવાળા સાધકોને આથી મૌન-મંદિરમાં બેસવાથી લાભ થાય છે. શ્રી સર્વેશ્વરીએ પોતે આ મૌન-મંદિરનો લાભ ઘણીવાર લઈ, આત્મિક સાધનામાં ઘણી પ્રગતિ સાધી છે. તે રીતે એમનો આ લેખ સાધક–ભાઈ બહેનોને ઉપયોગી ને માગદર્શક બની રહેશે. તંત્રી ]

ગુજરાતના સેવાભાવી સંત પૂ. શ્રી મોટા અને તેઓએ વિવિધક્ષેત્રે કરેલી દાનની પ્રવૃત્તિથી ગુજરાત ભાગ્યે જ અજાણ છે.

સુરત, નડિયાદ અને દક્ષિણ ભારતમાં કુંભકોણમમાં એમના હરિૐ આશ્રમો આવેલા છે. શહેરની બહાર, સ્મશાનની પાસે શાંત એકાંત સ્થાનમાં આવેલા એ આશ્રમોમાં પૂજ્ય શ્રી મોટાએ તેમના ગુરુદેવના આદેશથી મૌનમંદિરોની સ્થાપના કરી છે.



ધર્મ કે જ્ઞાતિના કોઈ પણ ભેદભાવ વિના કોઈ પણ સાધક પોતાની વ્યક્તિગત સાધના પોતાની રીતે કરવા માટે આ મૌનમંદિરનો લાભ લઈ શકે છે.

હરિૐ આશ્રમનાં એ મૌનમંદિરોના એ પવિત્ર ઓરડા-ઓમાં આધુનિક સગવડો રહેલી છે. એક ઓરડામાં એક જ સાધક બેસી શકે છે. સાત, ચૌદ કે એકવીસ કે એથી પણ વધુ દિવસો સુધી એ ઓરડામાં સાધક એકલો રહીને સાધના કરી શકે છે. સામાન્ય રીતે રવિવારે નવા સાધકોનો પ્રવેશ અને સાધના પૂરી કરેલા સાધકનો વિદાય દિવસ હોય છે. રવિવારે સવારે ૬ વાગ્યે હરિૐ આશ્રમમાં સમૂહપ્રાર્થના થાય છે. તે પ્રાર્થનામાં મૌન પૂરું કરનાર અને મૌન શરૂ કરનાર સાધકો હાજર રહે છે. પ્રાર્થના પછી સાધકને જે રૂમ નક્કી થયો હોય તેમાં લઈ જવામાં આવે છે. ત્યાં જરૂરી સૂચનાઓ આપી ત્રણવાર હરિૐના પ્રેમભાવથી થયેલા મંત્રો-ચ્ચાર પછી સંચાલક આપણા રૂમને બહારથી બંધ કરી તાળું મારી દે છે. જ્યારે આપણું મૌન પુરું થાય ત્યારે રવિવારે ફરી ઓરડો ખોલવામાં આવે છે. ને પછી જ સાધક બહાર રહેલી વ્યક્તિને, કુદરતી સૌંદર્ય કે સૂર્યનો પ્રકાશ જોઈ શકે છે.

બંધ બારીબારણાંવાળા એ ઓરડામાં સાધકે હરિૐ આશ્રમના નિયમોનું પાલન કરવાનું રહે છે. સાધકે ૩–૪૫ વાગે સવારે ઊઠીને રૂમની સફાઈ, જાજરૂ બાથરૂમની સફાઈ જાતે જ કરવાની રહે છે. સ્નાન માટે ગરમ પાણી કે સાધક-ના ભોજન અંગેના ખાસ કોઈ નિયમો હોય તો તેને સંચાલકો માન આપે છે. ઓરડામાં ઉપયોગમાં લીધેલાં વાસણો, પોતાના ધોવાના કપડાં, સુવાની પથારી, ઉપરની ચાદર તથા બીજા રૂમાલો દરરોજ ધોવા માટે બહાર આપી દેવાના હોય છે. સવારે ૫ વાગે દૂધ, ૧૦ વાગે ભોજન, ૨ વાગે દૂધ ને સાંજે ૫

વાગે ભોજન મળે છે. આ બધું ખૂબ જ નિયમિત ને વ્યવસ્થિત રીતે સાધકને મળે તેવી ગોઠવણ કરવામાં આવે છે.

મૌનમંદિરમાં એક મોટો પહોળો હીંચકો, (જે પલંગનું કાર્ય કરે છે) ખુરશી, ટેબલ, ધ્યાન માટે બેઠક વળી મંજીરાં, કરતાલ તથા પૂ. શ્રી મોટાનાં પુસ્તકોનું નાનકડું પુસ્તકાલય પણ હોય છે. મૌનમંદિરમાં વસ્તુની આપ–લે માટે એક અંદર ને બહાર બંને બાજુથી ખુલી શકે એવી વચ્ચે જોડાણ ને બેઠકવાળી એક બારી હોય છે. બારી વાટે જ્યારે જ્યારે જરૂરી વસ્તુ બહારથી મૂકવામાં આવે છે ત્યારે સંચાલકો વસ્તુ મૂકી દઈ બારી બંધ કરીને સુંદર સંબોધનથી આપણને તેની જાણ કરે છે. "પ્રભુ, દૂધ મૂક્યું છે, પ્રેમથી પીજો," "પ્રભુ, પ્રસાદ મૂક્યો છે (ભોજન), પ્રેમથી આરોગજો," આવા પવિત્ર પ્રેરક સંબોધનથી સાધક જાગ્રત રહે છે. શ્રદ્ધા અને ઉત્સાહથી સજ્જ બને છે.

મૌનમંદિરમાં જેટલા દિવસ રહેવાનું હોય તેટલા દિવસનો સાધનાનો કાર્યક્રમ સાધકે જાતે જ ઘડી લેવાનો રહે છે. કાર્યક્રમ પ્રમાણેનું એ જીવન સાચે જ ઉપયોગી બની રહે છે. મૌનમંદિરમાં બેસનાર સાધકે એકાંતમાં રહેવાની માનસિક તૈયારી ને તે માટે જરૂરી થોડી નૈતિક હિંમત કેળવી લેવાની રહે છે. જગતથી દૂર એકાંતમાં નહીં રહી શકે એવા સાધકોને કોઈક વાર આ પ્રવૃત્તિ અનુકૂળ નથી આવતી.

મૌનમંદિરોની ઓરડાની સંખ્યા સીમિત હોવાથી સાધકે હરિૐ આશ્રમ ઉપર પત્ર લખી મહિના અગાઉ નામ નોંધાવવું પડે છે. ત્યાં રહેવાના અને ભોજન અંગેના ખર્ચ અંગે હરિૐ આશ્રમને દાનરૂપે અમુક રકમ આપવાની રહે છે.

હરિૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરતના એ મૌનમંદિરમાં મને અનેક વાર રહેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે. એમાં રહીને



પ્રભુભક્તિની મસ્તી માણવાનો અલૌકિક લાભ મને મળ્યો છે. સ્વેચ્છાએ સ્વીકારેલી એ મૌનમંદિરની એકાંત સાધના મારા જીવનની મહામૂલી મૂડી બની ગઈ છે—એટલું જ નહિ, પરંતુ સુમધુર સ્મૃતિ બની રહી છે. આમ મૌનમંદિરે મારા જીવનના સાધનાત્મક ઘડતરમાં મહત્ત્વનો ફાળો પ્રદાન કર્યો છે.

સંસારના કામકાજમાંથી વચ્ચે વચ્ચે એકાંત સ્થાનોમાં સાધના કરવાની વાત શ્રીરામકૃષ્ણ પરમહંસ વારંવાર એમના ભક્તોને કરતા. એ દૃષ્ટિએ, આ યુગમાં આવી સર્વશ્રેષ્ઠ સુવિધાવાળી શાંત, એકાંત મૌનમંદિરની સાધના સાચે જ આશીર્વાદ રૂપ થઈ પડે છે, પૂ. શ્રી મોટાની આ પ્રવૃત્તિ સાચે જ પ્રશંસનીય છે. એવી જ બે ઓરડાના મૌનમંદિરોની સગવડ નડિયાદના પવિત્ર સંતરામ મંદિરમાં પણ ત્યાંના અધિષ્ઠાતા પરમ પૂજ્ય મહંત શ્રી નારાયણદાસજી મહારાજે પણ કરી છે અને અમદાવાદ પાસે ભાગવત વિદ્યાપીઠ સોલામાં પણ એવી મૌનમંદિરની વ્યવસ્થા કરવામાં આવી છે. સાધક ત્યાં પણ લાભ લઈ શકે છે.

પૂ. શ્રી મોટા ભલે પાર્થિવ પૃથ્વી પર સદેહે નથી પરંતુ એમણે નિર્માણ કરેલાં આ મૌનમંદિરોમાં આજે પણ એમની શક્તિ અને પ્રેરણા કાર્ય કરી રહી છે. સાધક પોતાની યોગ્યતા પ્રમાણે એની અનુભૂતિ પામે છે.

જેની બુદ્ધિ શુદ્ધ છે, જેને માટે માટીનું ઢેફું અને સોનું સમાન છે. સર્વ પ્રાણી પ્રત્યે જેને સમભાવ છે, એવો એકાગ્રચિત્ત પુરુષ સર્વશ્રેષ્ઠ, સનાતન અવિનાશી પદને પ્રાપ્ત કરી આ સંસારમાં ફરી જન્મ લેતો નથી.

**ભગવાન દત્તાત્રેય**

# गुर्वष्टकम्

## ગુરુમહિમાષ્ટક

શ્રી ઈશ્વરભાઈ પટેલ

(ભુજંગી)

૧

शरीरं सुरुपं सदा रोगमुक्तं
यशश्चारु चित्तं धनं मेरु तुल्यम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥

રૂપાળો ભલે દેહ હોયે નિરોગી,
યશસ્વી ભલે હોય ભંડારી ભારી,
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૨

कलत्रं धनं पुत्रपौत्रादिसर्वं
गृहं बान्धवाः सर्वमेतद्धिजातम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥

ભલે દૈવયોગે મળ્યાં પુત્રપૌત્રો,
ગૃહે શ્રી છલે સ્ત્રી ભલે હોય મિત્રો,
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૩

षडङ्गादि वेदो मुखे शास्त्रविद्या
कवित्वादि गद्यं सुपद्यं करोति ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥



મુખે હોય શાસ્ત્રો, બધી વેદ વિદ્યા,
ભલે કાવ્યસાહિત્યના પૂર્ણજ્ઞાતા;
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો,
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૪

विदेशेषु मान्यः स्वदेशेषु धन्यः
सदाचारवृत्तेषु मत्तो न चान्यः ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥

યશસ્વી વિદેશે, સ્વદેશે સુખાની,
ભલે વૃત્તિ સારી સદા ખાનદાની,
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૫

क्षमामण्डले भूपभूपालवृन्दैः
सदासेवितं यस्य पादारविन्दम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम ॥

ભલે પૃથ્વીનો થાય રાજા અનન્ય,
કરે રાજવી સર્વ સેવા સદૈવ,
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૬

यशश्चेद् गतं दिक्षु दानप्रतापात्
जगद्वस्तु सर्वं करे यत्प्रसादात् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥

જગે દાન તારું ગવાયે ભલેને—
બધું થાય જેની કૃપાથી સદા તે,
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૭

न भोगे न योगे न वा वाजिमेघे
न कान्तासुखे नैव वित्तेषु चित्तम् ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम् ॥

ત્યજે યોગયજ્ઞે મળી સર્વ સિદ્ધિ,
ભલે ભોગ સંપત્તિ વાંછે ન કો દિ,
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૮

अरण्ये न वा स्वस्य गेहे न कार्ये
न देहे मनो वर्तते मे त्वनर्घ्ये ।
मनश्चेन्न लग्नं गुरोरङ्घ्रिपद्मे
ततः किं ततः किं ततः किं ततः किम ॥

ઘરે, જંગલે, કર્મનો રાગ છો ના.
રહ્યું ચિત્ત ચાંચલ્ય છોને જરીના,
ગુરુપાદ પદ્મે ઠરે ચિત્ત ના તો
બધું મેળવ્યું તે નકામું, નકામું !

૯

गुरोरष्टकं यः पठेत्पुण्यदेही
यतिभूपति ब्रह्मचारी च गेही ।
लभेद्वाञ्छितार्थं पदं ब्रह्मसञ्ज्ञं
गुरोरुक्त वाक्ये मनो यस्य लग्नम ॥



# પ્રકાશના પંથે

શ્રી યોગેશ્વરજી
સંક્ષેપક : દીપકભાઈ પ્ર. મહેતા

## ૫. નવમું અવનવું વર્ષ : પિતાજીનું મૃત્યુ

પિતાજીને ખેતીના કામમાં સતત સહયોગ દેનાર તેમનાં માતાજી સાંકુબા પણ હતાં. તે ખૂબ બહાદુર અને મહેનતુ હતાં. શરીરે પણ સુદૃઢ એટલે ખૂબ કામ કરી શકતાં. ખેતરમાં પાણી વાળવાનું, કેટલીક વાર કોસ ચલાવવાનું ને બીજાં બધાં કામ તે રમતાં, રમતાં કરી શકતાં. તે તદ્દન નિરક્ષર હતાં. પરંતુ ઈશ્વર ઉપરની શ્રદ્ધા તેમના જીવનમાં દેખાતી. પાછલા જીવનમાં તો તે સારા પ્રમાણમાં વધી ગયેલી.

કેટલાક માણસોને પોતાનું બાલપણ બરાબર યાદ હોય છે. નાનામાં નાના પ્રસંગોનું વર્ણન અને ચિત્રણ કરવાનું કામ તે સહેલાઈથી કરી શકે છે. પણ મારા સંબંધમાં પરિસ્થિતિ તદ્દન જુદી જ છે. એકબે આછી સ્મૃતિઓ આછાપાતળા સ્વરૂપમાં તાજી થાય છે એટલું જ. બાકીના મોટા ભાગના શૈશવજીવન પર જાણે કે કાયમને માટેનો પડદો પડી ચૂકયો છે.

બાલપણમાં મને પેટનો વ્યાધિ રહેતો એમ માતાજીના કહેવા પરથી જાણી શકાય છે. સાત–આઠ વર્ષની વયમાં મારી સ્મરણશક્તિ ઘણી સારી હતી. ગામમાં રમતાશંકર નામે એક સજ્જન ભક્ત પુરુષ રહેતા. તે ગામના વિદ્યાર્થીઓને સંધ્યાદિ શીખવતા. તેમની પાસેથી હું સંધ્યા, શિવ-મહિમ્નસ્તોત્ર ને રુદ્રી શીખેલો. તે વખતે મહાદેવના મંદિરમાં અમે રોજ સંધ્યાપૂજા કરવા જતા.

બાલપણુના દિવસોનેય પસાર થતાં વાર લાગે છે? આઠ વરસ તો એમ ને એમ પસાર થઈ ગયાં ને નવમું વરસ શરૂ થયું. તે વરસ મારા જીવનમાં ક્રાંતિકારી સાબિત થયું. શ્રાવણુ સુદી બારસે નવમું વરસ બેઠું ને ભાદરવામાં પિતાજીને ભયંકર બળિયા નીકળ્યા. બળિયાની ગરમી શરીરની અંદર જ સમાઈ ગઈ. પરિણામે તે જ માસમાં તેમનું મૃત્યુ થયું. નાની વયમાં મૃત્યુ થવાથી કુટુંબમાં હાહાકાર થઈ રહ્યો. ગંભીર શોકની છાયા બધે ફેલાઈ ગઈ. ગામના માણસો તેમની ભલમનસાઈને યાદ કરીને શોક કરવા લાગ્યા. માતાજી પણ શોકમાં ડૂબી ગયાં. તે વખતે તેમની ઉંમર પચીસેક વરસની હતી. તેમનું સૌભાગ્ય ખંડિત થયું. શોકનો એ સમય મને થોડો થોડો યાદ આવે છે.

પરંતુ શોક કરવાથી શું થાય? જે જાય છે તે કાંઈ પાછું થોડું જ આવે છે? પરમાત્માનું શરણુ લઈને પરમાત્માને ઓળખવાથી જ માણુસ તેમને જીતી શકે છે. પરંતુ મોટા ભાગના માણુસો સાચા વિવેકથી વંચિત છે. અમારે ત્યાં પણુ શોક છવાઈ રહ્યો. તેમાં વધારો કરતો બીજો એવો જ કરુણુ પ્રસંગ પિતાજીના મૃત્યુ પછીના પહેલા પંદર દિવસની અંદર જ ઉપસ્થિત થયો. અમે ત્રણુ ભાઈ–બહેન હતાં. તેમાં તારાબેનથી નાની–છેક નાની બેનનું પણુ મૃત્યુ થયું.

ઈશ્વરની લીલા અપાર છે. પરંતુ તે સદાને માટે ને સઘળા સંજોગોમાં મંગલમય હોય છે, એમ અનુભવી મહાપુરુષો ને સંતો જાહેર કરે છે. તેમના કથનને પ્રમાણિક માનીને આ સંસારમાં સફર કર્યા વિના છૂટકો નથી. પિતાજીના મૃત્યુ પછી મારે માટે ઈશ્વરની કૃપાથી એક નવી જ મંગલ વ્યવસ્થા ઊભી થઈ. માતાજીના બે ભાઈ હતા. તેમાંથી મોટાભાઈ રમતાશંકર મુંબઈમાં ચોપાટી પર એક શેઠને ત્યાં રસોયાની નોકરી કરતા. તેમની બાજુમાં જ અનાથ વિદ્યાર્થીઓનો આશ્રમ હતો. માતા કે પિતા વિનાનાં બાળકોને તેમાં દાખલ કરવાનો નિયમ હતો. તેમાં મારે માટે રહેવા ને ભણવાની વ્યવસ્થા કરવાનો તેમને વિચાર થયો. તેમણે પ્રયાસ કર્યો ને મને મંજૂરી મળી ગઈ. તે જમાનામાં મુંબઈ ભણવા જવું તે અમારા જેવા પછાત ગામડાના માણુસોને લંડન જવા જેવું લાગતું. તે વખતે કેળવણીનો આટલો પ્રચાર ન હતો. એટલે મારા મુંબઈ જવાના પ્રસ્તાવનો વધારે ભાગના ગામલોકોએ વિરોધ કર્યો. પણ મારી ઇચ્છા અડગ હતી. સંસ્કારો અને ઈશ્વરની ઇચ્છા જાણે કે અદષ્ટ રીતે મને મુંબઈની નવી ભૂમિમાં ખેંચી રહ્યાં. તેણે જ મારા મનને મજબૂત કર્યું. તેમાં વળી માતાજી ને તેમના બંને ભાઈઓનો સાથ મળ્યો, એટલે મારે મુંબઈ રહેવાનું નક્કી થયું. નવમા વરસના ફાગણ મહિનામાં જ મેં મુંબઈ જવા માટે પ્રસ્થાન કર્યું, તે વખતે હું ગુજરાતી ચોથા ધોરણમાં અભ્યાસ કરતો.



નવમું વર્ષ એ રીતે મારા જીવનમાં અવનવા પ્રસંગોને ઊભા કરનારું, ફેરફારો કરનારું, ને જીવનને નવી જ દિશામાં નવો ઘાટ આપવા માટે લઈ જનારું અવનવું વર્ષ થઈ પડ્યું.

## ૬. મુંબઈના આશ્રમમાં

સાબરમતીના તટ પર વસેલું ક્યાં નાનું સરખું સરોડા ને ક્યાં મુંબઈ! એક તદ્દન અવિકસિત, શાંત ને પછાત જેવું ગામડું ને બીજું સારા પ્રમાણમાં વિકસેલું ને વિકસતું જતું, પ્રવૃત્તિ.... પ્રવૃત્તિ ને પ્રવૃત્તિથી ભરેલું ભારતનું પ્રથમ પંક્તિનું શહેર! બંનેનું વાતાવરણ પણુ કેટલું બધું જુદું! એટલે દૂર નાની ઉંમરમાં મારે જવાનું પણુ ક્યાંથી હોય? પરંતુ લલાટના લેખની વાત અનેરી છે. હજારો ગાઉની વચ્ચે પડેલા પડદાને દૂર કરીને પણુ તે પોતાનું કામ કરે છે, દૂર વસનારી તદ્દન અજાણી વ્યક્તિની સાથે મેળાપ કરાવે છે ને તેના પરિ-

ણામે રાગ કે દ્વેષની નવી દુનિયા ઊભી કરે છે. લલાટના લેખ કોઈ સરમુખત્યાર કે આપખુદ માણસે પોતાની સ્વતંત્ર ઈચ્છા પ્રમાણે બળજબરીથી લખી કાઢેલી કે લાદેલી વસ્તુ નથી. કોઈ મનસ્વી માણસે વરસાવેલો આશીર્વાદ કે અભિશાપ પણ નથી. તે તો કરેલાં કર્મોનો સંગ્રહ છે. માણસે પુરુષાર્થ કરી ઊભા કરેલા કર્મ સંસ્કારોનું મોટું પરિબળ છે. આ જીવનમાં કે બીજા જીવનમાં કર્મ કરીને જે રકમ તેણે જમા મૂકી છે તેનું જ વ્યાજ કે ફળ છે. તેણે જ મારો હાથ પકડ્યો અને એક નાના ગામડામાંથી ઊંચકીને મુંબઈ જેવા મોટા શહેરમાં મૂકી દીધો.

મુંબઈમાં બાબુલનાથ અને ચોપાટીના માર્ગની વચ્ચે એક નાના રસ્તા પર ધી લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજનું ઘણું સુંદર અને વિશાળ મકાન હતું જેમાં મને મૂકવામાં આવ્યો. આશ્રમમાં તે વખતે લગભગ દોઢસો વિદ્યાર્થી હતા. તેમને ભોજન, વસ્ત્ર અને કેળવણી મફત મળતાં. ભણવા જવાનું બહાર હતું. જે વિદ્યાર્થીઓની ભણવાની રુચિ ન હોય તેમને માટે સંગીત, ચિત્રકલા, દરજીકામ, સુથારીકામ, બેન્ડ, વ્યાયામ, હોઝીયરી કામ ને પ્રેસનું કામ શીખવાની આશ્રમની અંદર જ વ્યવસ્થા હતી. તેનો લાભ લેવાની કોઈ પણ વિદ્યાર્થીને છૂટ હતી. સંસ્થામાં વિદ્યાર્થીઓને વીશ વર્ષની વય પછી રહેવા દેવામાં આવતા નહીં. તેટલી ઉંમર દરમ્યાન ગમે તેટલો અભ્યાસ કરવાની છૂટ હતી. તદ્દન નાનાં બાળકો માટે અલગ વ્યવસ્થા હતી. આ બધા વિદ્યાર્થીઓની વ્યવસ્થા માટે એ–બી–સી જેવી લગભગ પંદર વિદ્યાર્થીઓવાળી નવ ટુકડી પાડવામાં આવતી. દરેકમાં એક એક કેપ્ટનની વ્યવસ્થા થતી. બધા વિદ્યાર્થીઓના પ્રશ્નો ગૃહપતિ પાસે રજૂ કરનારો આખી સંસ્થાનો એક મોટો વિદ્યાર્થી પણ રહેતો. એ રીતે વ્યવસ્થા ખૂબ સારી હતી. વિદ્યાર્થીઓને વસ્ત્રો હાથે ધોવા



પડતાં તથા વાસણ પણ હાથે ઉટકવા પડતાં. પથારીમાં એક શેતરંજી, ઓશીકું, ને બે બનુસ આપવામાં આવતાં.

સંસ્થાના દૈનિક કાર્યક્રમનો ઊડતો ઉલ્લેખ કરી જઈએ તો તે અસ્થાને નહીં ગણાય. દરેક ઋતુમાં સવારે પાંચ વાગે ઊઠવું પડતું. તે પછી શૌચ, દાતણ અને સ્નાનથી પરવારવાનું રહેતું. દરેક ઋતુમાં ઠંડા પાણીથી જ સ્નાન કરવાનો નિયમ હતો. લગભગ સાડા છ વાગે દૂધ મળતું. પાછળથી તેને બદલે વધારે પુષ્ટિકારક પદાર્થ તરીકે રાબનો સ્વીકાર અને પ્રચાર થયેલો. સાતથી સાડાસાત સંધ્યા કરાવવા ને ગીતા શીખવવા માટે શાસ્ત્રીજી આવતા. સાડાસાતથી સવાઆઠ વ્યાયામનો વખત હતો. તે માટે એક વ્યાયામ શિક્ષક આવતા સવાઆઠથી સાડાઆઠનો સમય ગૃહપતિને પહેરેલાં કપડાં, નખ, વાળ, દાંતની સ્વચ્છતા વગેરે બતાવવાનો હતો. તે પછી સવા નવ સુધી વાંચન ચાલતું. સવા નવ વાગે જમવાનો ઘંટ વાગતો. બ્રાહ્મણ વિદ્યાર્થીઓને અબોટિયાં આપતાં તે પહેરીને જમવા બેસવાની પ્રથા હતી. બીજા વિદ્યાર્થીઓ વસ્ત્રો પહેરી બેસી શકતા. રસોડાની બહાર મોટા ચોકમાં મોટા મોટા પાટલા મૂકી વિદ્યાર્થીઓ તે પર બેસતા. રસોઈ બનાવનારા રસોયા હતા, પરંતુ પીરસવાની જવાબદારી દરમહિને વારા પ્રમાણે બ્રાહ્મણ વિદ્યાર્થીઓની રહેતી. રસોઈની વ્યવસ્થા ઘણી સારી ને જુદી જુદી જાતની વાનગીઓ વિદ્યાર્થીઓને મળી રહેતી. ભોજન પછી નિશાળનો કાર્યક્રમ રહેતો. સાંજે પાંચ વાગે નિશાળમાંથી છૂટ્યા પછી કોઈ ખાસ ક્રમ ન હતો. કેટલીક વાર મોટા વિદ્યાર્થીઓ ક્રિકેટ જેવી રમત રમતા, સાંજે સવા છ વાગે જમવાનું થતું. સાડા સાતે સમૂહપ્રાર્થના થતી જેમાં બેત્રણ વિદ્યાર્થીઓ ગીતો ગવડાવતાં ને બીજા ઝીલતાં. તે કાર્યક્રમ લગભગ અડધો કલાક ચાલતો. રાતે નવ વાગે બધાને ફરજિયાત સૂવું પડતું. રાતે કોઈને વાંચવાની, બેસ-

વાની કે વાતો કરવાની છૂટ ન હતી. ફક્ત પરીક્ષાના દિવસોમાં રાતે વાંચી શકાતું. વિદ્યાર્થીઓની તંદુરસ્તી માટે એ નિયમ સારો હતો.

કોઈ જાહેર સંસ્થાના નિયમ સારા હોય, મકાનની રચના ને વ્યવસ્થા સારી હોય છતાં પણ શું એટલાથી જ તે સંસ્થા એક આદર્શ સંસ્થા બની જાય છે ખરી? શું એટલાથી જ તેને ઉત્તમ અને અનુકરણીય કહી શકાય ખરી? એ પ્રશ્ન જરૂર વિચારવા જેવો છે. કોઈ સંસ્થાનું મકાન રાજમહેલ જેવું વિશાળ અને ભવ્ય હોય, તેમાં નળ, વીજળી, સંડાસની ઉત્તમોત્તમ વ્યવસ્થા હોય, નિયમો પણ દેખીતી રીતે ઘણા સારા હોય તોપણ તે સંસ્થા આદર્શ છે કે નહીં તે તરત કહી શકાતું નથી. તે બધાં તત્ત્વો સંસ્થાને ઉત્તમ આદર્શ બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે તે વાત સાચી. પરંતુ તેની સાથે સાથે એક બીજી મહત્ત્વની વસ્તુનો પણ વિચાર કરવો પડે છે ને તે વસ્તુ બીજી કોઈ નહીં પણ તે સંસ્થાના સંચાલક કે જેમની પ્રકૃત્તિ અને પદ્ધતિનો પ્રભાવ તે સંસ્થા પર સારા પ્રમાણમાં પડે છે, ને સંસ્થાના છાત્રોના જીવન-ઘડતરનું એક મહત્ત્વનું મૂલ્યવાન અને અનિવાર્ય અંગ બની રહે છે. એટલે જ મારું માનવું છે કે ઉત્તમ મકાન અને ઉત્તમ નિયમોની સાથે સાથે સંસ્થાના સફળ સંચાલન માટે ઉત્તમ માણસ, સંચાલક કે ગૃહપતિની પસંદગીને પણ વળગી રહેવાની જરૂર છે. તેવો સંચાલક સંસ્થાને પોતાનું ઘર ગણીને તેમાં રહેનાર બાળકોને પોતાના કુટુંબના સભ્યોસમા સમજીને તેમાં પ્રાણ પૂરવા પ્રયાસ કરશે ને સંસ્થાની ઉન્નતિને પોતાની જ ઉન્નતિ સમજશે. બાળકોની સેવા જેમને પ્યારી હોય, તેમના માટે જેમના હૃદયમાં ઝંખના, તલસાટ ને તમન્ના હોય તેવા સેવાની વૃત્તવાળા માણસો જ તે કામ કરી શકશે. એવા માણસોનું માર્ગદર્શન મેળવીને આપણી સંસ્થાઓને



સેવા ને સંસ્કારની સાચી સંસ્થાઓ બનાવવા સંસ્થાના સ્થાપકો કે સંરક્ષકોએ સચેત રહેવું જોઈએ. એ વિના આપણી સંસ્થાઓ કેવળ નામની રહેશે. તેમની અર્ધશતાબ્દી કે શતાબ્દી પણ ઉજવાશે છતાં તે સફળ, અનુકરણીય, પ્રાણવાન કે આદર્શ નહીં ગણાય. એટલે આદર્શ સંચાલક એ આદર્શ સંસ્થાનું એક આવશ્યક અંગ છે એ સમજી લેવાની જરૂર છે.

અમારી સંસ્થા બીજી બધી રીતે સારી હતી પણ તેને સારા સંચાલક મળ્યા ન હતા. એટલે એને આદર્શ કેમ કહી શકાય?

## ૭. આશ્રમજીવનનો વિચાર

આશ્રમજીવનનાં વરસો દરમ્યાન મને ત્રણ ગૃહપતિ કે વ્યવસ્થાપકોનો અનુભવ થયો. બાળકોની સાથે એક થઈ જઈ, તેમના દિલમાં ડોકિયું કરી, તેમને સમજવાની અને તેમના પ્રશ્નોને ન્યાય આપવાની કળા તેમને ભાગ્યે જ હસ્તગત હતી. અનાથાશ્રમમાં આવેલાં બાળકો તો અનાથ કહેવાય એટલે તેમના તરફ કંઈક તિરસ્કાર અને અણગમાની નજરે જોવામાં આવતું. તેમની સાથે દિલ ખોલીને વાતો કરવાની તો વાત જ શાની, તેમની સાથે હળવામળવાનું પણ બંધ હતું. જો કોઈ ગુનો થયો હોય તો જ વિદ્યાર્થીઓને મોટે ભાગે ગૃહપતિની પાસે ઊભા રહેવાનો લહાવો મળતો. ગુનેગાર વિદ્યાર્થીને તેની ભૂલનું ભાન કરાવીને તેનું પુનરાવર્તન ન થાય તે માટે સમજાવવાને બદલે ગૃહપતિ તેને ધમકાવતા અને માર મારતા. પરિણામે તેમનામાં એક પ્રકારની ફડક પેસી જતી, તે ગૃહપતિથી ખૂબ જ ડરતાં રહેતાં.

ગૃહપતિ ને બાળકોના આવા પ્રતિકૂળ સંબંધનું પરિણામ કેવું આવે તે સારી પેઠે સમજી શકાય તેમ છે. એવો

સંબંધ બાળકોના જીવનવિકાસમાં શું મહત્ત્વનો ફાળો આપી શકે ? કોઈના સંસ્કારની મૂડી વધારે મૂલ્યવાન હોય અને આગળ પર વધારે સારી સહાય ને સત્સંગતિ મળી રહે તો તેનું જીવન ચમકી ઊઠે તે ભલે, બાકી આવી રસ ને કસને ચૂસી લેનારી સંસ્થામાંથી કુટુંબ, ગામ, નગર, સમાજ, ને દેશ તથા દુનિયાના જ્યોતિર્ધરો કેવી રીતે જન્મી શકે ? અમારી સંસ્થામાં બાળકો તો હજારો આવ્યાં પણ તેમાંથી તૈયાર થઈને બહાર પડેલાં બહુ ઓછા બાળકો પોતાની વિશેષ ફોરમવાળાં ને તેજસ્વી થઈ શક્યાં. તેનું મોટું કારણ આ પણ છે. એટલે જાહેર સંસ્થાના સંચાલકોને મારી પ્રાર્થના છે કે બાળકોના જીવનવિકાસના વિચારને મહત્ત્વનો માનતો હોય તેવા અને બાળકોમાં રસ લેનારા કોઈ કુશળ કારીગરના હાથમાં બાળકોને સુપરત કરજો. કોઈ એવા ગૃહપતિની તેમને માટે પસંદગી કરજો કે જે તેમના પ્રશ્નોને સમજવાની શક્તિ ધરાવતો હોય ને તેમને માટે બનતું બધુંજ કરી છૂટવા તૈયાર હોય. ગૃહપતિના પદ પર પ્રતિષ્ઠિત થયેલાને પણ મારે એ જ કહેવાનું છે કે બાળકોની સેવા કરવા માટે મળેલી ઉત્તમ તકને માટે ઈશ્વરનો આભાર માનજો ને તેમના જીવનમાં રસ લઈ તેમની બનતી સેવા કરવા દિનરાત તૈયાર રહેજો. તો તમારું જીવન ધન્ય બનશે. તમારી મારફત સમાજની મોટી સેવા થશે, ને સંસ્થા તમારે લીધે સફળ ને સજીવ બનશે.

આના અનુસંધાનમાં એક બીજી વાત કહી દઉં. જ્યારે સમાજમાં અનાથો હોય જ ત્યારે તેમને સહાય કરનાર અનાથાશ્રમો વધે એ ખરેખર આનંદ પામવા જેવી વાત છે. મારે તો અનાથાશ્રમ શબ્દ સંબંધી જ થોડો ઉલ્લેખ કરવો છે. અનાથાશ્રમો ને તેમાં રહેનારા સભ્યો તરફ મોટા ભાગના લોકો કાંઈક હલકી ને સૂગની નજરે જુએ છે. તેથી તેને બદલે બીજા કોઈ સારા શબ્દનો પ્રયોગ કરવાનું વધારે યોગ્ય થઈ



પડે તેમ લાગે છે. અનાથાશ્રમને બદલે સેવાશ્રમ, બાળાશ્રમ જેવા શબ્દોનો પ્રયોગ વધારે સારો કહી શકાય.

આશ્રમનાં બાળકોને અથવા તેના સ્ત્રીપુરુષ સભ્યોને પણ આપણે કહીશું કે તમારી જાતને અનાથ ન માનશો. ઈશ્વર સારા સંસારનો સ્વામી છે. તે જ સૌનો પિતા છે. તે જ સૌની રક્ષા કરે છે. તેને યાદ કરો, પ્રેમ કરો, તેના પર શ્રદ્ધા રાખો ને પ્રાપ્ત થયેલી પરિસ્થિતિમાં પ્રસન્ન રહીને તેમાંથી માર્ગ કાઢવા પ્રયત્ન કરો. તમે પણ મહાન બનવા પ્રયાસ કરશો તો જરૂર મહાન બની શકશો. બાકી તમારી જાતને દીન, હીન ને લાચાર ના સમજશો. પોતાની જાતને હલકી માનવામાં એક પ્રકારનો અપરાધ સમાયેલો છે.

હવે થોડાં મારાં સ્મરણો નોંધું. :

આશ્રમમાં કપડાં હાથે ધોવાં પડતાં તે નાની ઉંમરમાં કપડાં ધોવાની મને ટેવ નહીં એટલે શરૂઆતમાં મુશ્કેલી પડતી.

અમારી સંસ્થામાં વિદ્યાર્થીઓને ગૃહપતિ મારતા ને વિદ્યાર્થીઓ તેમનાથી ડરતા ને તેમને ગાળો દેતા પણ જોવામાં આવતા. કેટલીકવાર વિદ્યાર્થીઓ ગૃહપતિ સામે જાહેર રીતે પોતાનો વિરોધ જાહેર કરતા ને રોષ ઠાલવતા. લગભગ નવેક વરસ સંસ્થામાં રહીને મારે પાછળથી બીજી સંસ્થામાં દાખલ થવાનું થયું ત્યારે આવું જ થયેલું. પરિસ્થિતિ કોઈ કારણસર એવી બગડેલી કે વિદ્યાર્થીઓએ વીજળી બંધ કરી દઈને ગૃહપતિને ચંપલ જેવા સાધનથી માર મારેલો. એ આખો યે પ્રસંગ દુઃખદ ને વખોડી કાઢવા જેવો પણ વિદ્યાર્થી ગૃહપતિ વચ્ચે લાંબા સમયથી ખોદાયેલી વિરોધની ખાઈના પડઘારૂપ હતો.

સંસ્થામાં આગળ વર્ણવેલી વિવિધ પ્રવૃત્તિમાં રુચિ પ્રમાણે ભાગ લેવાની છૂટ હતી. પરંતુ મારું ધ્યાન તો મુખ્યત્વે ભણવામાં જ લાગેલું એટલે અભ્યાસ વિના બીજી કોઈ પ્રવૃત્તિમાં મને રસ ન હતો. સંસ્થામાં દર વરસે ઉત્સવ થતો. વિદ્યાર્થીઓ નાટકો ભજવતાં, ગીતો ગાતાં અને પહેલે માળે આવેલો સુંદર ને વિશાળ હોલ માણસોથી ભરાઈ જતો. સંગીત–વ્યાયામના પ્રયોગો જનતામાં ખૂબ પ્રિય થઈ પડતા. સારું કામ કરનારને ઈનામો પણ અપાતાં. એ વાર્ષિકોત્સવ મને ખૂબ ગમેલો. વરસો સુધી મેં તેમાં લાગલાગટ ને સક્રિય ભાગ પણ લીધેલો. એકબે ગીતો લોકોને ખાસ આકર્ષક થઈ પડ્યાં હતાં. તેમાં ભાગ ભજવવા ઉપરાંત નાટકો પ્રત્યે પણ મને અભિરુચિ હતી. નાની ઉંમરમાં જ મને એકવાર એક નાનો પાઠ આપવામાં આવેલો. તે પછી દર વરસે જુદાં જુદાં નાટકોમાં મહત્ત્વની ભૂમિકા આપવામાં આવતી. એકવાર કરણઘેલાનું પાત્ર ને એકવાર શિવાજીનું પાત્ર મને આપવામાં આવેલું. એકવાર ગીતાના પહેલા અધ્યાયના કૃષ્ણ–અર્જુનના સંવાદના નાના નાટકમાં મને અર્જુન બનાવવામાં આવ્યો. એ વખતનો એ વાર્ષિકોત્સવ મુંબઈના ગવર્નરનાં પત્ની લેડી બ્રેબોર્નના પ્રમુખપદે હોઈ હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ. તે વખતના સંસ્થાના ગૃહપતિ વિદ્વાન ને ભલા હતા. લેડી બ્રેબોર્નને તે કાર્યક્રમની બધી વિગતો સમજાવતા. ઉત્સવ પૂરો થયા પછી ઈનામો વહેંચાયાં તેમાં નાટકમાં ઉત્તમ અભિનય બદલ મને પણ લેડી બ્રેબોર્નના હાથે ઈનામ મળ્યું. તેમણે મારી સાથે પશ્ચિમી પદ્ધતિ પ્રમાણે હાથ મેળવી, મારું નામ પૂછીને શાબાશી આપી. આથી અમારો ઉત્સાહ વધી ગયો.

સંસ્થાના લગભગ દરેક ઉત્સવમાં હું એ રીતે ભાગ લેતો. સંસ્થા છોડ્યા પછી જી. ટી. બોર્ડીંગ હોસ્ટેલમાં



રહેવાનું થયું ત્યારે પણ મેં નાટકમાં ભાગ ભજવ્યો હતો. ગુજરાતના સિદ્ધહસ્ત ને લોકપ્રિય હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેના પ્રસિદ્ધ પ્રહસન ‘ લગ્નના ઉમેદવારો ’-માં મેં કવિનો પાઠ લીધેલો. બાળપણની રુચિને કુદરતી બક્ષીસ જો વધારે કેળવાઈ હોત તો કંઈ જુદું જ પરિણામ આવ્યું હોત. સંકુચિતતાનો ત્યાગ કરીને જરાક વિશાળ દષ્ટિને અપનાવીને વિચારીએ તો આજે પણ શું છે? નાટક, અભિનય અને અભિનેતા ત્રણે આજે પણ મોજૂદ છે. જીવન એક મહાનાટક નહીં તો બીજું શું છે? ફેર એટલો જ છે કે રંગમંચ પરનો અભિનય મોટે ભાગે કાલ્પનિક હોય છે. તેને રજૂ કરનાર તેનાથી અછૂત રહે છે. જ્યારે જીવનના મહા-નાટકનું તેવું નથી. આ નાટકનો અભિનય તેના અભિનેતાને કર્મના મજબૂત સંસ્કાર બંધનથી બાંધે છે ને સમય પર છોડાવે છે પણ ખરો. આ અભિનય સાચો છે ને જો અભિ-નેતામાં આવડત હોય તો તેને માટે શ્રેયસ્કર થઈ પડે છે. પૂર્ણતાના છેવટના અંક સુધી તે ચાલુ જ રહે છે. ત્યાં સુધી જન્મ ને મરણના પડદા પડે છે ને ઊંચકાય છે પણ નાટક પૂરું થતું નથી. એના એ અભિનેતાને જુદા જુદા રૂપે અભિ-નય પૂરો કરવા આવવું પડે છે. તેના વિના છૂટકો નથી થતો. સામાન્ય નાટક કરતાં જીવનના આ મહાન નાટકમાં વધારે કલા, શક્તિ ને સમજની જરૂર છે તેની ના પણ કોઈ કહી શકશે? માટે જ કહું છું કે અભિનય ચાલ્યા જ કરે છે. ચાલવા જેવો અભિનય હજી પણ ચાલ્યા જ કરે છે.

❁

અનાત્મ પદાર્થોનું ચિંતન મોહમય છે અને દુઃખનું કારણ છે. તેનો ત્યાગ કરીને મુક્તિનું કારણ એવા આનંદ સ્વરૂપ આત્માનું ચિંતન કરો.

આદ્ય શંકરાચાર્ય

## હરિ મળવાનું ટાણું

શ્રી નિષ્કુળાનંદ સ્વામી

રાગ – ધોળ

હવે મારા વહાલાને નહિ વિસારું રે,
શ્વાસ ઉચ્છ્વાસે તે નિત્ય સંભારું રે,
પડ્યું મારે સહજાનંદસું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે.

આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર ન મળે ખરચે નાણું રે,
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે.

દુરીજન મન રે માને તેમ કહેજ્યો રે,
સ્વામી મારા હૃદયની ભીતર રહેજ્યો રે,
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે.

## ધૂન

શ્રી રાજેશ કાપડિયા

નમું યોગેશ્વરાય પ્રભુ! યોગેશ્વરાય,
નમું ધ્યાનેશ્વરાય પ્રભુ! ધ્યાનેશ્વરાય,
નમું ગુરુદેવાય પ્રભુ! ગુરુદેવાય,

મને યોગમાં નિમગ્ન કરો યોગેશ્વરાય,
મને ધ્યાનમાં ધ્યાનસ્થ કરો ધ્યાનેશ્વરાય... નમું યોગેશ્વરાય.

મારી ભક્તિમાં ભાવ ભરો ભાવેશ્વરાય,
મારા હૃદયમાં સદા રમો રામેશ્વરાય....નમું યોગેશ્વરાય.

મારા જ્ઞાનમાં વૃદ્ધિ કરો જ્ઞાનેશ્વરાય,
મારી વાણીમાં વિવેક પૂરો વાસુદેવાય....નમું યોગેશ્વરાય.



## ચાહના

શ્રી યોગેશ્વરજી

આ મુગ્ધ મસ્ત દિલમાં છે ચાહના અનેલી,
એકાદ મૂક આશા એની મહીં ઊંડેલી.
કોઈક બીજ હોયે સિંચન તહીં થવાની
કોઈક અંકુરોમાં ફુટવા કળી મજાની.
હોયે કળી બની ત્યાં ફૂલ ગંધ આપવાની,
કોઈ ફૂલ થઈને ફલ મિષ્ટ આપવાની.
આ મુગ્ધ મસ્ત...

કોઈક બિનતારે સંગીતા ઉઠીને,
કોઈ દીનપ્રાણે સંજીવની બનીને,
કોઈક તીવ્રતાપે છાયા મહા થઈને,
કોઈ મૂક આહે અશ્રુ મહીં સરીને.
ચાહે હંમેશ દિલ આ બનવા કૃતાર્થ સાચે
આ નાનકા હૃદયમાં ચાહના સદા એ.

જીવન ચાહે સદાયે કોઈકનું થવાને,
માગે પ્રકાશ બનવા આ પ્રાણ કોક કાજે,
આ સ્વસ્થ કાય, મન આ, દિવ્ય હૈયું મારું,
પાગલ ચહે થવાને સંપત્તિ કોક સારુ.

હું આ જગતમાં ખાલી હાથે આવ્યો છું અને ખાલી હાથે પાછો જનાર છું. વચગાળામાં કાંઈ પણ સંગીન કર્યાં સિદ્ધ થઈ શકે તો તે ખરેખર એક સદ્ભાગ્ય જ છે.

જગદીશચંદ્ર બોઝ

# ગીતાની શક્તિ

શ્રી યશસ્વીભાઈ મહેતા

એકાંતવાસ અને સત્સંગ.

જે કોઈ વ્યક્તિ ભગવદ્પ્રાપ્તિ ચાહે તેને માટે શ્રી રામકૃષ્ણ દેવે આ બે દવા ચીંધી છે.

મહાત્મા થોરો પ્રસંગોપાત એકાંતવાસ માટે જંગલોમાં ચાલ્યા જતા. એમર્સન એમના શિષ્ય હતા અને પાછળથી મહાન તત્ત્વચિંતક તરીકે તેઓ વિશ્વમાં વિખ્યાત બન્યા હતા.

એમર્સન એમને મળવા ગયા. ગુરુદેવ સાથે સત્સંગ માટે.

થોરોએ પોતાને હાથે એક ઝૂંપડી ઊભી કરી હતી. અને લાકડાના પાટ ઉપર તે સૂતા હતા. એમણે તે જોયું :
તેની નીચે સાપ અને વીંછી નિરાંતે પડ્યાં હતા.

એમર્સન ચમકી ગયા. તેમને બીક લાગી. આવી જગ્યાએ એના ગુરુદેવ રાતદિ રહેતા હતા. નિર્ભય અવસ્થામાં. તે ચકિત થઈ ગયા.

થોરોએ થોડો અવાજ કર્યો. લાકડી જમીન પર છાડી. સાપ–વીંછી સરકી ગયા.

પણ થોરો ય જાગી ગયા.

તેમણે આંખ ખોલી. સામે એમર્સન ઊભા હતા.
થોરોએ સ્વાગત કર્યું : આવ બેટા,

એમર્સન કહે : ગુરુદેવ, અહીં તો સાપ અને વીંછી છે. આપની પાટ નીચે હમણાં હતા. શું આપને બીક નથી લાગતી ?

થોરોએ કહ્યું : નહિ બેટા. બીક કેવી ? મા મારું રક્ષણ કરે છે.

એમર્સને પૂછ્યું : ક્યાં છે, મા ?

થોરોએ પોતાની પડખેથી એક પુસ્તક કાઢ્યું. અને એ ભગવદ્ગીતા હતી થોરો એને ચિન્મયા મા ગણતા હતા.



# सर्वेऽत्र सुखिनः सन्तु

પ્રા. જનાર્દન જ. દવે

પ્રાર્થનાનો આ પ્રસિદ્ધ શ્લોક છે પ્રાર્થનામાં બે વાત સમજવા જેવી છે. **प्र** એટલે પ્રકૃષ્ટ, ઊંચી. **अर्थना** એટલે માગણી. **अर्थ** એટલે ધન; સંપત્તિ; ચાર પુરુષાર્થોમાંનો બીજો પુરુષાર્થ; પ્રયોજન; શબ્દનો સ્ફોટમાંથી પ્રાપ્ત થતો સાક્ષાત્ સંકેતિત અર્થ. **अर्थ** શબ્દના આ બધા અર્થો થાય છે. પ્રાર્થનામાં માગણી છે. પણ આ માગણી કેવળ મારા માટે નથી. મારા માટે એટલે કે યાચના કરનારને માટે જ જો કશું માગવામાં આવે તો તે 'અર્થના' છે, પણ પ્રાર્થના નથી. પ્રાર્થનામાં કેવળ પોતાના માટે, પોતાના કુટુંબ માટે, પોતાના એકાદ પ્રયોજનની સિદ્ધિને માટે માગણી કરવામાં આવતી નથી. પ્રાર્થના શબ્દમાં તો **प्र** એટલે ઉત્કૃષ્ટતા આગળ મૂકેલ છે. પ્રાર્થના કરનાર ઉત્કૃષ્ટ માગણી કરે છે તેથી પ્રાર્થના સૌ માટે છે. આપણી આસપાસના માટે છે, તેમ દૂર દૂરના માટે પણ છે.

એવી એક પ્રાર્થના છે :

**सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥**

આ શ્લોક તો કોણ નહિ જાણતું હોય ? બધા વારે-તહેવારે કેટલાક તો રોજ કદાચ સવારસાંજ બે વાર આ શ્લોક બોલતા હોય છે, પણ ભાવના વિના. પોપટ 'સીતારામ' 'સીતારામ' બોલે છે પણ મરચાંની લાલચે. તેનો સ્વભાવ 'ટેં ટેં' બોલવાનો છે, 'સીતારામ' તો તેને માટે કૃત્રિમ છે. જે માત્ર હોઠથી બોલાય તે કૃત્રિમ, હૃદયમાંથી જે બોલાતું હોય તે જ સ્વાભાવિક. એટલે જ બિલાડી પોપટને પકડે છે ત્યારે વર્ષો સુધી સીતારામ બોલેલો પોપટ ખરા સમયે જ

સીતારામ બોલવાને બદલે 'ટેં ટેં' કરવા લાગે છે. આપણે પણ હોઠથી બોલીએ છીએ **सर्वेऽत्र सुखिनः सन्तु**.......

આપણે તો સારું લાગે, સમાજમાં જરા ઉદાર દેખાઈએ, સજ્જન દેખાઈએ એટલે મોટા અવાજે બોલીએ છીએ **सर्वेऽत्र सुखिनः सन्तु**.... પણ બે દિવસ પહેલાં જ જેની સાથે બોલવાનું થયું તેવા આપણા પાડોશી, મિત્ર, કે સગાભાઈને પણ અકસ્માતમાં સારી પેઠે ઈજા થઈ છે એમ સાંભળીએ તો પેલું કૃત્રિમ **सर्वेऽत्र सुखिनः सन्तु** ક્યાંય ચાલ્યું જાય છે અને "ઠીક થયું—ને એ જ લાગનો હતો!" એવું આપણું મન શું કહેતાં તમે નથી સાંભળ્યું?

આપણે હોઠથી બોલીએ છીએ **सर्वेऽत्र सुखिनः सन्तु**, હૃદયથી નથી બોલતાં એટલે જ આપણા વિશ્વમાં ચોપાસ દુઃખો દર્દો છે, આપણે પણ દુઃખ દર્દથી પીડાઈએ છીએ. સાચા હૃદયથી આટલાં બધાં સ્ત્રીપુરુષો બોલતાં હોય તો આટલાં કષ્ટો, દર્દો શાનાં હોય? હૃદયમાંથી આવતા વિશુદ્ધ અને પવિત્ર વિચાર વાણીમાં જબરદસ્ત તાકાત છે; એક સાચી પ્રાર્થના આખું વિશ્વ પલટાવી શકે છે. પણ પણ શું? આપણે હોઠથી તો રોજ બોલતા રહેવાના **सर्वेऽत्र सुखिनः सन्तु**....

શ્લોક કેવો સરસ છે? રોજ બોલીએ છીએ. બોલતા તો હશો જ ને? માની તમારી વાત. પણ તેના ભાવ સાથે તાદાત્મ્ય જોડ્યું છે? ભલા કદી અર્થનું અનુસંધાન કર્યું છે?

બત્રીસ અક્ષરોમાં બધી વાત પૂરી થાય છે. છંદ અનુષ્ટુભ છે. આઠ આઠ અક્ષરોના ચાર પાદ છે. એક એક ચરણમાં એક એક પાદમાં કેવી સરસ ભાવના છે? પહેલું ચરણ બોલે છે. **सर्वेऽत्र सुखिनः सन्तु** **अत्र** એટલે અહીં. અહીં એટલે મારા ઘરમાં જ રહેલા સુખી થાઓ? કે પછી વધી વધીને મારાં સ્વજનો? સગાંવહાલાં જ માત્ર સુખી થાઓ? કે પછી એકાદ શાળાના કે સંસ્થાના સભાખંડમાં બેઠેલાં જ **अत्र**માં આવી ગયાં? **अत्र** એટલે મારી આ સૃષ્ટિમાં, ભારતમાં ઇંગ્લેંડમાં, ચીનમાં, રશિયામાં, અમેરિકામાં સર્વત્ર. **अत्र** એટલે આખી સૃષ્ટિમાં, આખી પૃથ્વી પર. પૃથ્વી પરના અંતરીક્ષમાં, સમુદ્રમાં, વિમાનમાં, સ્ટીમરમાં રહેલા માનવોનું સુખ પ્રાર્થવા માટે **अत्र** કહ્યું છે. બીજો શબ્દ છે **सर्वे**. **सर्वे** એટલે આપણાં માનવો જ નહિ પણ બધા પ્રાણીઓ, જીવજંતુઓ સૌ સુખી થાઓ.



આપણી સૃષ્ટિમાં આપણે જ માત્ર પરસ્પર ઉપયોગી નથી. સર્પો છે તે કેટલા બધા ઉંદરોને ખાઈને પાક બચાવે છે? કાગડાઓ કેટલી ગંદકી ખાઈ જઈને સાફ કરે છે? સૌ પોતપોતાના સ્થાને યોગ્ય છે, ઉપયોગી છે એટલે **सर्वेऽत्र सुखिनः सन्तु** માં ચરાચર જગતનાં સુખ માટે પ્રાર્થના છે. ધરતી, સમુદ્ર પણ ખળભળી ન ઊઠે, કંપે નહિ, સુખી રહે.

બીજા ચરણમાં કહે છે **सर्वे सन्तु निरामयाः** **आमयः** એટલે વ્યાધિ, રોગ. **निरामयाः** એટલે રોગમુક્ત, નીરોગી. પણ રોગ તનનાં હોય તેમ મનનાં પણ હોય. એટલે પૃથ્વી પર સૌનાં તનમન નીરોગી રહે, તન વ્યાધિમુક્ત, દર્દમુક્ત અને મન કામ ક્રોધ ઈત્યાદિ રોગથી મુક્ત રહે.

**सर्वे भद्राणि पश्यन्तु** એ ત્રીજા ચરણની પ્રાર્થના છે. **भद्राणि** એટલે કલ્યાણ–મંગલ. "સૌ મંગલ જુએ" **पश्यन्तु** શા માટે કહ્યું? એટલા માટે કે કોઈના યે વર્તનમાં, વાણીમાં આપણને કર્કશતા, કઠોરતા, બર્બરતા લાગે તો એ મારા

માટે શુભ, મંગલ જ હશે એવો દૃઢ ભાવ તેમાં થવો જોઈએ. સૌ એકમેકના વ્યવહારમાં **भद्राणि पश्यन्तु** મંગલ, શુભ જોતાં શીખે અથવા **पश्यन्तु**ને લક્ષ્યાર્થ લઈએ તો સૌ કલ્યાણ પ્રાપ્તિ કરે એમ પણ સમજાય છે. **भद्राणि** એટલે કલ્યાણ. મંગલનો દેખાવ. તેનું દર્શન કદાચ પ્રથમ દૃષ્ટિએ આપણને વિરૂપ, અભદ્ર પણ લાગે. પણ આપણું મનોભિલષિત આપણું ઇચ્છેલું કંઈ કાયમ ભદ્ર કલ્યાણમય હોતું નથી. બાળકને છરી ધારદાર જોઈ રમવા માટે ગમે પણ માતા તેમાંનો ભય પારખે છે "આ મારા બાળકને ગમે છે પણ તેને માટે ભદ્ર નથી." તેથી માતા આંચકી લે છે. ઈશ્વર પણ આપણું માગેલું બધું આપતા નથી. પોતાના ભક્તોને સંતાનોને પરમાત્મા તેનું ઈચ્છિત આપતા નથી પણ જે કંઈ **भद्राणि** છે તે જ આપે છે. નારદને તો લગ્ન કરવાં હતાં પણ પ્રભુને તેમાં **भद्राणि** ન લાગ્યું એટલે રામચરિત માનસમાં ઉલ્લેખ છે તેમ લગ્ન થવા ન દીધાં.

છેલ્લું ચરણ છે **मा कश्चिद् दुःखमाप्नुयात्**, ઘણા **मा कश्चिद् दुःखभाक् भवेत्** પણ પાઠભેદે બોલે છે. અર્થ છે કોઈ ને પણ દુઃખો ન સાંપડે. વિશ્વમાં કર્મના નિયમ પ્રમાણે દુઃખો તો આવે જ. વિશ્વ આખું દુઃખરહિત શી રીતે થાય? આખા વિશ્વને સૌનો ચૈતસિક વિકાસ થાય તો એવું બને પણ ખરું, અન્યથા તેનો અર્થ એવો થાય કે દુઃખો આવે તો તે દુઃખો ન જણાય. એવી માનસિક સ્થિરતા તો અમારી પ્રાર્થના વડે સૌને મળે જ મળે.

ચાલો આપણે આજથી હવે હૃદયના ઊંડાણથી બોલીએ **सर्वेऽत्र**........"



## જૈન દર્શન-પ્રતિકનો હેતુ :

ચાર પુરુષાર્થમાં મોક્ષ પુરુષાર્થ જ ઉપાદેય અને આદરણીય છે. મોક્ષ માટે જ ધર્મપુરુષાર્થ કરવા યોગ્ય છે. દેરાસરમાં આરસની પ્રતિમા પદ્માસન વાળેલી હોય છે. ક્યાંક ધ્યાનસ્થ પણ હોય છે. પ્રતિમા નિર્દોષ નિર્વિકારી અને નિસંગ હોય છે. આત્માના પરમાત્મપદ માટેની અવસ્થા સૂચવતી હોય છે. પ્રાર્થના સંસારસુખ માટે નહીં પરંતુ મોક્ષના સુખ માટે હોય છે. પરમાત્મા જિતેન્દ્રિય થયા. હું પણ ઇન્દ્રિયો અને કષાયોને જીતીને પરમાત્મપદ પ્રાપ્ત કરું તેવું બળ અને જ્ઞાનપ્રાપ્તિની વિનંતી સાથે પરમાત્મા પ્રત્યેનો અપૂર્વ આદરભાવ, તેમની સાથે તદાકાર થઈ, ભક્તિમાં લીન થઇ સંસારને, શરીરને ભૂલી જઈ ઉચ્ચ અધ્યાત્મિક ભાવોમાં સ્થિર રહી પરમાત્મપદ માટેની યાચના.

સ્વસ્તિક. આત્માની ચાર ગતિ બતાવનાર તથા સમ્યગ-દર્શન જ્ઞાન ચારિત્ર અને તપ દ્વારા મુક્તિ અપાવનાર પ્રતીક છે.

મંગલકલશ. સંસારનું સ્વરૂપ બતાવનાર અને તેમાંથી મહાપ્રયત્ને છૂટનારનું પ્રતીક છે.

ગરબો. આત્મા આંતરદર્શન કરીને જ પરમાત્મ દર્શન પ્રાપ્ત કરી શકે.

ૐ એ બુલંદ અવાજ નાભિમાંથી નીકળી બ્રહ્મરંધ્ર સુધી પહોંચે ૐ પાંચ પરમેષ્ટાનું નિર્દેશક અને આત્માધ્યાનનું પ્રતીક છે.

આરતી એ આત્મા ભાવવિભોર બની પરમાત્માની ભક્તિ કરી અજ્ઞાનનો નાશ કરનારું પ્રતીક છે.

शिवमस्तु सर्वं जगतः परहितनीरता भवन्तु भुतगणाः ।
दोषाः प्रयान्तु नाशः सर्वत्र सुखी भवन्तु लोकः ॥

ઊંચી આધ્યાત્મિક ભાવનામાં સ્થિર થઈને આત્મા સમગ્ર વિશ્વના જીવોનું કલ્યાણ ઈચ્છે છે. શિવ એટલે કલ્યાણ, આત્માનું. શરીરસુખ અથવા સંસારી સુખની કામના નહીં પરંતુ સમસ્ત વિશ્વના આત્માનું કલ્યાણ થાય. પરમાર્થી પુરુષો, સાધુ પુરુષો ઘણા થાય, લોકોના ઇન્દ્રિય અને કષાય આધીન દોષો દૂર થાય અને સૌ મોક્ષ સુખને પામે !

## સંત સેવા

પારસમણિ તો લોઢાનું સોનું જ બનાવે છે. પણ સંત-પુરુષો તો પોતાનાં પ્રભાવથી બીજાને પણ પોતાના જેવા જ મહાન બનાવે છે. આવા સંત ખરેજ ઈશ્વર-તુલ્ય છે. ને તેમને સેવવાથી સઘળી કામના પૂરી થાય છે. જો ઈશ્વરકૃપાથી એવા સંત-પુરુષ મળી જાય, તો તેમની ખૂબ સેવા કરવી. ને તેમના આદેશ પ્રમાણે ચાલીને જીવનને સફળ કરવું. થોડા સમય તેમની સેવા કરવા છતાં ખાસ લાભ ન થાય, તોપણ નિરાશ થવું નહિ, સેવા ચાલુ રાખવી. કઈ ધન્ય ક્ષણે તેમની કૃપાનો વરસાદ વરસે ને જીવન ધન્ય બની જાય, એ કહેવાય નહિ. માટે ધીરજ ને હિંમત તથા નમ્રતા ધારણ કરી સંતસેવામાં પવિત્ર કામમાં મંડયા રહેવું.

સંકલન :

**બાલમુકુંદ શ્રોફ ( મોરબી )**

( પૂ. શ્રી યોગેશ્વરજીનાં પુસ્તક–' પ્રેમભક્તિની પગદંડી 'માંથી )



# એક અજ્ઞાત મહાપુરુષનું સાક્ષાત દર્શન

શ્રી યોગેશ્વરજી

ઋષિકેશને છોડયે ત્રણેક મહિના થઈ ગયેલા. ત્રણેક મહિનાનો સમય કાંઈ લાંબો સમય ના ગણાય, પણ તે દરમિયાન થયેલા અનુભવો ખૂબ જ મોટા ને મહત્ત્વના હતા. જીવનમાં તેમણે નવી ને જુદી જ ભાત પાડેલી. ઋષિકેશને છોડતી વખતે અંતરમાં જે અશાંતિ હતી તે હવે અદૃશ્ય થઈ ગઈ, મન વધારે પ્રસન્ન થયું, અને આત્મવિશ્વાસ વધી ગયો. ત્રણ મહિનાના ટૂંકા સમય દરમિયાન સાધનાનો રસાસ્વાદ મને સારા પ્રમાણમાં મળી ગયેલો તેથી હૃદયમાં જીવનની ધન્યતાનો અખંડ અનુભવ થયા કરતો. એ સમય દરમિયાન મેં દેવપ્રયાગના સુંદરસંગમ સ્થળનો લાભ લીધો; દશરથાચલ પર્વતના કલ્પનાતીત એકાંત પ્રદેશમાં આસન વાળીને અનેક અવનવા અનુભવનો આનંદ મેળવ્યો. કૃષ્ણના પ્રેમમાં સ્નાન કરીને કૃષ્ણકૃપાનું કઠિન વ્રત કર્યું. ને ભાગીરથી ને ભીલંગના-ના સંગમથી સુશોભિત ટિહરીમાં સુખપૂર્વક વસવાટ કર્યો. એ બધા દિવસો ખરેખર યાદગાર હતા. હવે હું પાછો એ જ ઋષિકેશમાં આવી પહોંચ્યો. ઋષિકેશની ભૂમિને જોઈને મને આનંદ થયો. શરૂઆતમાં માતાના જેવી મધુરતાથી મને પાળનારી અને આશ્રય તથા શાંતિ આપનારી ભૂમિ આ જ હતી. તેનું ફરી વાર દર્શન કરીને મારા દિલનો ભાવદરિયો ઉછાળા મારી રહ્યો. ખરેખર હિમાલયનું દર્શન કરીને મને અસાધારણ આનંદ થાય છે. મારા પોતાના પ્રદેશમાં આવ્યો હોઉં તેવો ભાવ થાય છે. રાજપાટનો ત્યાગ કરીને જીવનની આખરી અવસ્થામાં રાજાઓ આ પ્રદેશમાં રહેવા માટે પ્રયાણ કરતા અને અનેક ઋષિમુનિ તથા તપસ્વી આ પવિત્ર પ્રદેશને વધારે પાવન કરતા, તપ કરતા, તે દશ્યો મારી દૃષ્ટિ સામે

હાજર થાય છે. આજે એવા તપસ્વીનાં દર્શન દુર્લભ થયાં છે. તોપણ, તેમનાં પરમાણુ હયાત છે. કોઈને પણ પાવન કરવા તે પૂરતાં છે. ને દૃષ્ટ–અદૃષ્ટ રીતે વહેતા કોઈ તપસ્વીનાં દર્શનનો લાભ પણ કોઈ વાર મળી જાય છે ત્યારે અંતર અનેરા આનંદનો અનુભવ કરે છે. એવા જ એક મહાપુરુષનાં દર્શનની વાત અહીં લખી રહ્યો છું.

ભગવાન આશ્રમ એક સુંદર સ્થાન છે. ત્યાં નેપાલના રાજકુમાર ઊતર્યા હતા મને તેમની સાથે પરિચય ને પ્રેમ કરતાં વાર ના લાગી, વેદબંધુને લીધે અમે એકમેકની નજીક વિના સંકોચ અને સહેલાઈથી આવી શક્યા. તેમણે મને તેમની સાથે રહેવાનો આગ્રહ કર્યો. મેં તેનો સ્વીકાર કર્યો, પણ સૂવાનું બીજે રાખ્યું. તે વખતે ભગવાન આશ્રમમાં વલ્લભદાસ નામે એક ભાટિયા ભાઈ રહેતા. તે મૂળ કચ્છના હતા. પણ લાંબા વખતથી ઋષિકેશમાં નિવૃત્તિમય જીવન ગાળતા. તે મારા પર ખૂબ પ્રેમ રાખતા. મારે દેવકીબાઈ ધર્મશાળામાં જવાનું થયું ત્યારે તેમનો પરિચય થયેલો. તેમને અમે કાકા કહીને બોલાવતા. મેં ધર્મશાળાનું રાજી· નામું આપ્યું તેથી તે રાજી થયેલા. મને અચાનક ભગવાન આશ્રમમાં આવેલો જોઈને એમને આનંદ થયો. એમના આગ્રહને માન આપીને રાતે એમની ઓરડીમાં જ સૂઈ રહેવાનું મેં નક્કી કર્યું.

એમની ઓરડી નાની હતી. ઠંડીના દિવસો ચાલતા હોવાથી ઠંડી સારા પ્રમાણમાં પડતી, એટલે બહાર ખુલ્લામાં સુવાય તેમ ન હતું. ઓરડી નાની હોવા છતાં તેમાં જ સૂવાની સગવડ કરવાની હતી. વલ્લભદાસભાઈ બહુ માયાળુ હતા. તેમણે જોઈતી સગવડ કરી દીધી. ઓરડીમાં તેમની પાટ પાસે મારે માટે ખાટલો પાથરી દીધો. ભોજન કરીને



હું તેમની પાસે પહોંચી ગયો. લાંબા વખત લગી વાતો કરીને છેવટે અમે આરામ કરવાનો આરંભ કર્યો. ઋષિકેશના નિવાસની એ પહેલી જ રાત હતી.

તે દિવસોમાં રાતના પાછલા પહોરમાં મેં ગાયત્રીજપ કરવાની ટેવ પાડેલી. રોજના એકહજાર જપ કરવાનો મારો નિયમ હતો. તે પ્રમાણે પાછલી રાતે ખાટલામાં બેસીને મેં જપ શરૂ કર્યા. જપની સંખ્યા લગભગ અર્ધી થઈ હશે તે વખતે મારી દૃષ્ટિ મારી સામેની દીવાલ પર પડી તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. મારાથી ચારેક હાથ દૂર દીવાલ હતી. તેની ને મારી વચ્ચે, એટલે મારાથી લગભગ ત્રણેક હાથ દૂર, એક મહાપુરુષ બેઠેલા. ઓરડામાં બધે જ અંધારું હતું. પણ તે મહાપુરુષ તદ્દન સ્પષ્ટ રીતે દેખાતા. મને થયું કે ઓરડીનાં બારીબારણાં તો બંધ છે, આ મહાપુરુષ અંદર આવ્યા કેવી રીતે? પણ ભૂતકાળના અનુભવોની યાદ આવવાથી તે વિચાર તરત જ દૂર થઈ ગયો, મને ખબર હતી અને એક વાર ફરી ખબર પડી કે મહાપુરુષો કે સિદ્ધોની શક્તિ અજબ હોય છે, સાધારણ માણસની જેમ મકાનની અંદર આવવા માટે તેમને પ્રવેશદ્વાર કે બારીબારણાંની જરૂર નથી હોતી. પ્રકૃતિ પર તેમનો કાબૂ હોવાથી તે તો ઇચ્છાનુસાર ગમે ત્યાં પહોંચીને પ્રવેશી શકે છે. મંડનમિશ્ર ઘરને બંધ કરીને યજ્ઞ કરી રહેલા છતાં પણ શંકરાચાર્યે પોતાની યોગશક્તિથી તેમના ઘરમાં સૂક્ષ્મરૂપ ધારણ કરીને પ્રવેશ કર્યો, ને મંડનમિશ્ર તેમને જોઈને નવાઈ પામ્યા. સિદ્ધ પુરુષોની શક્તિ એવી અજબ છે. તે ધારે તે કરી શકે છે. આજે કેટલાક વિચારકો એવા છે જે આવી શક્તિમાં માનતા નથી. કેટલાક એવા છે જે સિદ્ધિની આવી વાતોને ઉપજાવી કાઢેલી કે કપોળકલ્પિત માને છે. કેટલાકને તેમાં અતિશયોક્તિ દેખાય છે. તો કેટલાક તેને રૂપકનાં રૂપમાં

ઘટાવે છે. તેથી તેમની સત્યતાનો નાશ થતો નથી. વિચારકો વિચાર ને ચિંતનમનનની દુનિયામાં ગમે તેટલા મોટા હોય પણ જ્યાં સુધી તેમણે સાધનાનો આધાર નથી લીધો ને સ્વાનુભવની દુનિયામાં ડોકિયું નથી કર્યું ત્યાં સુધી તેમનો અભિપ્રાય યથાર્થ ગણાય નહિ; અને એવો અભિપ્રાય આપવાનો તેમનો કોઈ ખાસ અધિકાર પણ મનાય નહિ. એટલે જેના વિશે પોતાની પાસે અનુભવપૂર્ણ માહિતી નથી તેવા મહત્ત્વના આધ્યાત્મિક વિષયો પર જીભ કે કલમ ચલાવવાને બદલે તે મૌન સેવે તે ડહાપણભર્યું ગણાશે. તેમ કરવાથી સાધારણ સમાજમાં ભ્રાંતિજનક વિચારો ફેલાતા બંધ થશે અને આધ્યાત્મિકતાની સેવા થશે.

તે મહાપુરુષના અચાનક દર્શનનું આશ્ચર્ય હવે ઊંડા આનંદમાં પલટાઈ ગયું. તે દર્શન ખરેખર દિવ્ય હતું. તે મહાપુરુષે દૂધ જેવા સફેદ વસ્ત્રો પહેરેલાં. શરીરે કફની ને તેની ને નીચે ધોતી હતી. તેમની આંખો બીડેલી. વદન ખૂબ જ તેજસ્વી. માથે ને મોઢે વાળ બિલકુલ ન હતા, તેમની મુખાકૃતિ પરથી તેમની ઉંમર ઘણી મોટી દેખાતી. છતાં તેમના ચહેરા પર વૃદ્ધાવસ્થાની સહેજ પણ છાયા ન હતી, ત્યાં તો જાણે કે અખંડ યૌવન વિલસી રહેલું. તેમના હાથમાં મોટા મણકાની માળા હતી. મણકા ફરતા હતા. તેનો અવાજ ટક્....ટક્ એમ ધીમે ધીમે આવતો. તે પરથી તે કોઈ ગાયત્રીમંત્રથી જરા ટૂંકા મંત્રનો જપ કરી રહેલા, એવું અનુમાન કરી શકાતું. આખુંયે દર્શન અત્યંત આનંદદાયક અને આશ્ચર્યકારક હતું જમીનના આધાર વિના અદ્ધર આકાશમાં તે પદ્માસન વાળીને બેઠેલા. આવું દર્શન મારે માટે આ પહેલું જ હતું. દેવો ને સિદ્ધો ઇચ્છાનુસાર વિચરણ કરે છે, પડછાયા વિનાના હોય છે, ને જમીનથી અદ્ધર રહે છે, એવું મેં વાંચેલું. આજે તેનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યો. તે મહાપુરુષનું સ્વરૂપ પ્રકાશમય ને ગોરું હતું.



જ્યારે જ્યારે આવું દર્શન થાય છે ત્યારે અંતરમાં તે દર્શન કોનું થઈ રહ્યું છે તેની પ્રેરણા પણ મળી જાય છે. પણ આ મહાપુરુષના સંબંધમાં તેવી કોઈ ખાસ પ્રેરણા ના મળી. મને થયું કે આ મહાપુરુષ કોણ હશે? શું તે વસિષ્ઠ હશે કે સપ્તર્ષિમાંના કોઈ એક હશે? અથવા તો કો ચાલુ જમાનાના મહાપુરુષ હશે? તેમના ચિત્રને પણ મેં ક્યાંય જોયું ન હતું તેથી તેમને ઓળખી કાઢવામાં મુશ્કેલી પડી.

પરંતુ તેથી શું? સાકરને ઓળખવામાં ન આવે તેથી તે કાંઈ સાકર મટી જાય છે? તેનો સ્વાદ તે છોડી દે છે ખરી? તે મહાપુરુષનાં દર્શનનો સ્વાદ મને મળ્યા કરતો હતો. તેથી મારું મન અમૃતપાનનો અનુભવ કરી રહ્યું મારે માટે એટલું પૂરતું હતું.

તે મહાપુરુષનું અચાનક દર્શન થયું ત્યારે મને થયું કે આવી રીતે વલ્લભદાસભાઈ તો નથી બેઠા! પણ બરાબર જોવાથી ખબર પડી કે આ તો જમીનથી ઊર્ધ્વ પ્રદેશમાં વિરાજેલું કોઈ મહાપુરુષનું સ્વરૂપ છે. એટલે મારી શરૂઆતની ભ્રાંતિ ટળી ગઈ. કેટલાક વખત પછી મેં ‘ કાકા કાકા ’ કરીને વલ્લભદાસભાઈને બોલાવ્યા. તે ઊંઘમાં હતા એટલે ક્યાંથી બોલે? થોડી વાર પછી મેં ‘કાકા કાકા’ કહીને ફરીથી બોલાવ્યા. તે વખતે પણ તે ના બોલ્યા. પરંતુ પેલા મહાપુરુષનું સ્વરૂપ જરાક ઝાંખું થયું. ‘ કાકા કાકા ’ એમ ત્રીજી વાર કહીને છેવટે હું ખાટલા પરથી ઊભો થયો. તે વખતે પેલા મહાપુરુષનું સ્વરૂપ તદ્દન ઝાંખું પડી ગયું ને તે અદૃશ્ય થઈ ગયા, તે વખતે ‘ કાકા ’ બોલી ઊઠ્યા : કેમ મને શું કામ બોલાવો છો?

હું તેમની પાસે પહોંચી ગયો ‘ શું કરો છો? ’ કહીને જોયું તો તે હજી મોઢે માથે કાળો કામળો ઓઢીને સૂતેલા.

ખાટલા પર બેસીને મેં બાકીના જપ પૂરા કર્યા.

સવારે સ્નાનાદિથી પરવારીને વલ્લભદાસભાઈને મેં મારા અનુભવની વાત કરીને કહ્યું : 'તમારી ઓરડી ખૂબ જ પવિત્ર લાગે છે.'

તે બોલી ઊઠ્યા, 'ઓરડી પવિત્ર કે તમે પવિત્ર? ઓરડી પવિત્ર હોય તો તેમાં હું વરસોથી રહું છું મને તો આવો અનુભવ કોઈ વાર નથી થતો.'

મેં કહ્યું : 'આપણી પવિત્રતા શી વિસાતમાં છે? સૌથી પવિત્ર તો પ્રભુ ને તેની કૃપા છે. તેના વિના આવા અનુભવ ના થઈ શકે.'

'પણ મને જગાડ્યો હોત તો હું પણ તે મહાત્માનું દર્શન કરી લેત ને?' તેમણે ફરિયાદ કરી.

'તમને જગાડવા પ્રયાસ કર્યો પણ તમે જાગ્યા નહીં.'

તે જાગતા હોત તો પણ શું? મહાપુરુષોની એ વિશેષતા છે કે તે ધારે તેને જ દર્શન આપે છે. એક ઓરડીમાં ગમે તેટલા માણસો હોય પણ તેમાંથી તે ધારે તેને જ દર્શન આપે છે, ને તેની સાથે જ વાત કરે છે, બીજાને તેની ખબર પણ નથી પડતી.

❀

## ઈશ્વરનું જ્ઞાન

જે કહે છે કે ઈશ્વરને હું જાણું છું એના સંબંધમાં સમજી લેજો કે એણે ઈશ્વરને નથી જાણ્યો, કેમકે ઈશ્વરને પરિપૂર્ણપણે જાણવાનું કામ મુશ્કેલ છે. અને જે એમ કહે છે કે ઈશ્વરને હું જાણતો જ નથી તેનું કથન પણ બરાબર નથી, કેમકે ઈશ્વરને એક યા બીજા રૂપે થોડાઘણા અંશે તો સૌ જાણે જ છે.

ઉપનિષદ



# "ફૂલપાંખડી"

સંગ્રાહક : 'અલ્પજ્ઞ અલગારી'

### "સત્યનિષ્ટ પુરુષ કોને કહેવાય?"

परद्रव्येषु लोलत्वात् परस्त्रीषु तथैव च ।
दृष्ट्रा मतिर्न यस्य स्यात् स सत्यः परिकीर्तित ॥

(પદ્મ : ભૂમિ : ૧૩/૮૯)

જેની બુદ્ધિ પરાયું ધન અને પરાયી સ્ત્રીઓને જોઈને કદાપિ લોલુપતા વશ થતી નથી અગર તેમના પ્રતિ આસક્ત બનતી નથી, તેવા જ પુરુષને સત્યનિષ્ટ કહેવાય છે!

*

### "નીચ કોને કહેવાય?"

के चिद् वदन्ति धनहीन जनोजघन्य ।
के चिद् वदन्ति गुणहीन जनोजघन्यः ॥
व्यासो वदत्य खिलवेद विशेषविज्ञो ।
नारायण स्मरण हीन जनोजघन्यः ॥

કોઈ તો ધનહીન (દરિદ્ર) મનુષ્યોને નીચ કહે છે! અને કોઈ ગુણહીનોને નીચ કહેવામાં આવે છે! કિન્તુ સમ્પૂર્ણ વેદોનાં વિશેષજ્ઞાતા શ્રી વેદવ્યાસજી તો, હરિસ્મરણહીન પુરુષને જ નીચ કહે છે!

*

### "રન્તિદેવની પ્રાર્થના"

न कामयेऽहं गतिमीश्वरात्परा, मष्टर्द्धियुक्ताम पुनर्भवं वा ।
आर्तिं प्रपद्यऽखिलदेहभाजामन्तः स्थितोयेन भवन्त्यदुःखाः ॥

(શ્રીમદ્ ભાગવત ૯/૨૧/૧૨)

હું ઈશ્વર પાસે અષ્ટ સિદ્ધિઓથી યુક્ત પરાગતિ નથી ઇચ્છતો, ન પુનર્જન્મ રાહિત્ય (મોક્ષ)ને જ ચાહું છું! હું ચાહું છું કે સમસ્ત દુઃખ સન્તપ્ત-જીવોનાં સઘળાં જ દુઃખો મારામાં જ આવીને સમાઈ જાય! અને હું અન્તઃપ્રવિષ્ટ બનીને તેમનાં દુઃખોને ગ્રહણ કરું! તેથી તેઓ બધાં દુઃખોમાંથી છૂટી જાય!

*

## "પતિત વિચારથી દૂર રહો"

કેટલાક લોકો એટલાથી જ સન્તુષ્ટ હોય છે, કે તેઓ કોઈ પતિત કાર્ય નથી કરતા! પરંતુ હું તો એવો બનવા ઇચ્છું છું કે, કોઈ પતિત વિચાર અથવા, તેવી ભાવના જ મારા મનમાં કદાપી ન આવે!

— જી. મૈકડોનૈલ્ડ

*

સંસારના પદાર્થો પર જેમનું સુખ નિર્ભર રહેતું હોય! તેઓ ક્યારેય પણ સુખી નથી બની શકતા! સારીયે એવી પૃથ્વીનો અધિકાર તેઓ કદાચ મેળવી લે! તોપણ તેમનું હૃદય સદાય સંતપ્ત રહે છે.

*



# પ્રાર્થનાની શક્તિ

શ્રી રવીન્દ્ર મોટવાણી

[ શ્રી રવિભાઈ મોટવાણીનો પરિચય મને એક માસ પૂર્વે સાપુતારામાં અચાનક થયો. માત્ર ૨૩ વર્ષની નાની ઉંમરે તે ખૂબ ઉચ્ચ આધ્યાત્મિક સંસ્કારો ધરાવે છે. હજુ તો બી. ઈ. (સીવીલ)ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. ત્યાં તો એકાંત સેવન, સાદું જીવન ભોજન, અને ગુરુનાં વચનોમાં અનન્ય શ્રદ્ધા પૂર્વના સંસ્કારોના બળે તેમનામાં સાહજિક બની છે. સંત આશારામજી એમના ગુરુ છે, જેમના તરફથી તેમને આત્મિક સમજ ને માનસિક સમાધાન પ્રાપ્ત થયાં છે.

શ્રી રવિભાઈનું ઈશ્વર તરફ વળવાનું નિમિત્ત એમની શારીરિક માંદગી બની છે. બાળપણથી તાવની બિમારીના લીધે તેઓ કંટાળેલા. ને સાહજિક રીતે પ્રભુ તરફ વળ્યા. એમાં સંતની કૃપા મળી, એટલે માંદગીનું દુઃખ મટી ગયું. પરંતુ મનમાં એક વિચાર ઊઠ્યા કરે "જો પૂર્વજન્મના કર્માનુસાર જ ભોગ ભોગવવાના હોય, તો પ્રભુની પ્રાર્થનાથી પૂર્વના દુષ્કર્મોમાંથી મુક્તિ મળી શકે ખરી? પ્રાર્થનામાં આવી શક્તિ ખરી?

આ પ્રશ્નો એ મને વારંવાર પૂછતા ને હું તેનો હકારાત્મક જવાબ આપતો. એટલું જ નહિ, પરન્તુ સાચા દિલથી પ્રાર્થના કરી જાત-અનુભવ કરી લેવા પણ કહેતો.

આ પછી એમના હાથમાં એક અમેરિકન શ્રી ડેવિડ નનનું પુસ્તક આવ્યું. શ્રી ડેવિડ નન પ્રાર્થના દ્વારા ભગવાન ક્રાઇસ્ટની સહાયથી અનેક રોગીઓનાં દર્દો મટાડે છે, એ વાતો વાંચી એમને આનંદ થયો, શ્રદ્ધા બેઠી ને પ્રેમસભર હૃદયે પ્રાર્થના કરવા માંડી. એનો કેવો સુંદર જવાબ પ્રભુએ વાળ્યો, એ વાત શ્રી રવિએ મને તેમના પત્રમાં જણાવી છે. આ પત્ર અંગ્રેજીમાં છે, એટલે તેનો ગુજરાતી ભાવાર્થ–શ્રદ્ધાળુ લોકોને ગમશે, માની અત્રે તૂક્યો છે. તંત્રી ]

પત્ર....

હા, એ પ્રભુની ઇચ્છા હતી કે આપણે સાપુતારામાં મળવાનું થયું. નહિ તો તમે જાણો છો કે હું ઋષિકેશ કે દેવપ્રયાગ ગયો હોત. ગમે તેમ, પણ ઈશ્વર જ્યારે કોઈને પણ મદદરૂપ થવા માંગતો હોય છે ત્યારે કો'કને મોકલાવી આપે છે. તમારી સાથેનુ મારું મિલન પણ એવા પ્રકારનું જ હતું

પરમ પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનપ્રસંગો અને તમારી સાથેની બીજી વાતો, ખરેખર શ્રદ્ધાપ્રેરક હતી. એમાંથી સાધનાત્મક પ્રયત્નો વડે આપણે પણ ઈશ્વરની કૃપા મેળવી શકીએ છીએ, એવો વિશ્વાસ પેદા થતો.

હમણાં મારા જીવનમાં એક વધુ પ્રસંગ બન્યો તે તમોને જણાવું છું.

મારું સ્વાસ્થ્ય બહુ સારું નથી રહેતું ને મને વર્ષો સુધી અવારનવાર શારીરિક માંદગી આવી પડતી. એ વાત મેં તમોને કરેલી છે. ઈશ્વરને સાચા દિલથી કરેલી પ્રાર્થના સંભળાય છે, એ સંબંધે વિશ્વાસ થતાં, હમણાં એક સાંજે તળાવમાં બોટીંગ કરતાં મેં પ્રભુને ઉત્કટભાવે પ્રાર્થના કરી. આ પ્રાર્થનાનો ભાવ કંઈ આવા પ્રકારનો હતો.

"હે સર્વશક્તિમાન પ્રભુ, તેં મને આત્મા વિષેની સમજ આપી છે, જેને હું તારી મહાકૃપા સમજું છું. એથી હું માનું છું કે તારો આશ્રય લઈ હું તને પ્રાપ્ત કરું, તે માટે તેં મારી પસંદગી કરી છે. તો હે પ્રભુ, મને મારા એ ધ્યેયની સિદ્ધિ અર્થે જોઈતી હિંમત, મનોબળ અને શારીરિક આરોગ્ય આપ, કારણકે હું જાણું છું કે તને પહોંચવાના આ વિકટતાભર્યા પથમાં આ બધાની જરૂર પડે છે.



હે મારા વહાલા પ્રભુ, હું તને ખાતરી આપું છું કે મારા આ શરીર વડે હું એવું કશું જ ખોટું નહિ કરું કે જેનાથી તારી લાગણી દુભાય. હું મારા શરીરને કેવલ તારી જ સર્વોત્તમ ઇચ્છાની અભિવ્યક્તિ માટેનું માધ્યમ બનવા દઈશ, નહિ કે મારી ઇચ્છાનું."

તમોને જાણીને આનંદ થશે કે પ્રભુએ મારી આ પ્રાર્થના સાંભળી અને એક વિચિત્ર પ્રસંગ બન્યો.

મારી આ પ્રાર્થના પછી. થોડાક જ દિવસોમાં એક જ્યોતિષી મારી પાસે આવ્યા ને મને કહ્યું, "હું તમારી બધી (પૂર્વજન્મોનાં કોઈ દૂષિત કર્મોના પરિણામે) થતી માંદગી દૂર કરી શકું છું તમે આ લો. તેને નાહવાના પાણીમાં નાંખી સ્નાન કરજો. સાથે તમારા ગુરુએ આપેલ મંત્રની એકવીસ માળા પણ કરજો. મેં તે પ્રમાણે કર્યું. ને મારા આરોગ્યમાં એકદમ ફેરફાર થઈ ગયો. મને ખરેખર ચમત્કાર જેવું લાગ્યું.

"આ પ્રસંગે મને ભગવાન ઈસુના પેલા શબ્દો યાદ આવી ગયા, 'if sins confessed, they can be forgiven' "તમારાં પાપોની કબૂલાત કરો, તો પ્રભુ તમને માફ કરી દેશે."

પ્રાર્થનામાં શ્રદ્ધા અને ભાવ મુખ્ય છે, એની મને પ્રતીતિ થઈ. પ્રભુએ મારી પ્રાર્થનામાંની શ્રદ્ધાને સ્થિર કરવા માટે જ જાણે આ પ્રસંગ યોજ્યો એમ મને લાગ્યું. એ વિચારે મારું હૃદય ગદ્ગદ્ બની ગયું.

# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

સાધકનો પ્રશ્ન : ફોટાઓમાં જોયેલા જગદંબાના સ્વરૂપનું હું ધ્યાન કરું છું. તો તેનું સ્વરૂપ શું ખરેખર એવું જ હશે ?

શ્રી યોગેશ્વરજી : તમારી શંકા સાચી છે. સાધકને ઘણી વાર આવા પ્રશ્નો મનમાં ઊઠે છે કે પોતે ભગવાનના જે સ્વરૂપનું ધ્યાન કરે છે, તો તે પ્રભુ શું ખરેખર એવા જ હશે ?

પરન્તુ સાધકે મનમાં એક શ્રદ્ધા નિશ્ચિત રાખવી કે પ્રભુ સાચે જ સર્વશક્તિમાન છે. એથી એ ખરેખર ગમે તેવા હોય તો પણ ભક્તની ભાવના પ્રમાણેનું સ્વરૂપ ધારણ કરવાની શક્તિ ધરાવે છે.

જ્યાં સુધી આપણે પ્રભુના કોઈ પણ પ્રકારના સ્વરૂપનું દર્શન કર્યું નથી, ત્યાં સુધી તો સાકાર ધ્યાન કરવા માટે, આપણે કોઈ ને કોઈ સ્વરૂપ જરૂરથી કલ્પવું પડશે. એ કલ્પેલા સ્વરૂપ પ્રમાણે દર્શન આપવા પ્રભુ સમર્થ છે જ. છતાં પ્રભુને દર્શન માટે પ્રાર્થના કરીએ ત્યારે કહીએ પણ ખરા “ કે પ્રભુ, હું આપના યથાર્થ સ્વરૂપને જાણતો નથી એટલે આપ ખરેખર કેવા છો તે તો કેમ કરી કલ્પી શકું ? આથી હે પ્રભુ આપ જેવા હો તેવા આપનું સર્વશ્રેષ્ઠ મંગલ સ્વરૂપ મને દેખાડો. ” બસ, આમ કરવાથી જે સ્વરૂપનું દર્શન કરવાનું તમારે માટે મંગલ હશે એ જ સ્વરૂપે તે સર્વશક્તિમાન પ્રભુ દર્શન આપશે ”

પછી પોતાના સાધનાત્મક જીવનના પ્રારંભના દિવસોનું ઉદાહરણ આપતાં, તેઓશ્રીએ કહ્યું, “ હું જગદંબાના મંગલ સ્વરૂપનું દર્શન ચાહતો હતો, પરન્તુ કેમે કરી તેમના મંગલ મુખના સ્વરૂપ વિષેનો ચોક્કસ ખ્યાલ મારા મનમાં નિશ્ચિત થતો નહિ. વળી જગદંબા કેવાં દેખાતાં હશે, કેવાં વસ્ત્રો



પરિધાન કરતાં હશે, વગેરે વિષે પણ મનમાં કોઈ ચોક્કસતા થતી નહિ. આથી હું પ્રાર્થના કરતાં કહેતો કે હે મા, તારા સાચા સ્વરૂપનો મને કોઈ ખ્યાલ નથી આવતો, તો તું કૃપા કરી જેવી હો તેવી મને દર્શન આપ. ”

અને જ્યારે માના મંગલ સ્વરૂપનું મને દર્શન થયું ત્યારે મારા આશ્ચર્ય ને આનંદનો પાર ન રહ્યો ! એ સ્વરૂપ એટલું તો દિવ્ય ને અનોખું હતું કે સમગ્ર સૃષ્ટિમાં એવું કોઈ માનુષી સ્વરૂપ મેં આ પહેલાં કે પછી જોયું નથી. તાજા સાચા ગુલાબની કોમળ પાંખડીઓ જેવો એની ચામડીનો રંગ હતો. મુખની મધુરતા તો એવી અનુપમ હતી કે મારાથી લખાઈ ગયું છે,

“ સકળ સૃષ્ટિનું મધુ લઈને
બન્યું મારી માનું મુખ. ”

આ હા ! એ સુંદરતા શબ્દોમાં શી રીતે ઉતારાય ! અને શબ્દો તો કોઈ મધુર વાંસળીનાં સૂરથી પણ અધિક મીઠા. દુનિયાની કોઈ વાણીની મીઠાશ એની તોલે ના આવે. એ શબ્દો સાંભળ્યા જ કરીએ, એમ થયાં કરે. કાન તો જાણે એ વાણી સાંભળી ધન્ય થઈ ગયા ! વળી જગદંબાનો એ સ્પર્શ તો શીતલતા સભર, સુધામય, અને અતિ આલ્હાદક. શબ્દોમાં એનું વર્ણન કરવાનું કોઈ સામર્થ્ય મારામાં નથી.

ઓહો, હવે આ તો અનુભવની વાત. જાતે અનુભવ કર્યા સિવાય, શી રીતે સમજાય ? એટલે જાત અનુભવ માટે સાધના ને પ્રાર્થનાનો આધાર લો. તો જ વહેલામોડા અનુભવના એ ક્ષેત્રમાં પહોંચાશે.

પ્રશ્ન : ધ્યાન કેટલો સમય કરવું જોઈએ ?

ઉત્તર : ઓછામાં ઓછું એક જ બેઠકે એક કલાક સુધી થાય તો સારું પરંતુ તમે કેટલા કલાક ધ્યાનમાં બેઠા,

એના કરતાં એ સમય દરમ્યાન તમારી મનની વૃત્તિ ખરેખર કેટલો વખત પ્રભુમાં રહી, ઈષ્ટ કે ગુરુમાં રહી, એ ખૂબ જ મહત્ત્વનું છે. તમે ધ્યાનમાં ભલેને દોઢ કલાક બેઠા હો પરંતુ જો તમારું મન આ બધા સમય દરમ્યાન કેવળ કોઈ પણ બાહ્ય પદાર્થ કે વ્યક્તિના વિચારોમાં જ રોકાએલું રહ્યું તો સમજજો કે તે ધ્યાન ભલે દોઢ કલાકનું હોય, પરંતુ એનાથી કોઇ ખાસ લાભ તમને નહિ પહોંચે. એનાથી ઊલટું, ધ્યાનમાં બેઠા પછી, માત્ર પાંચ જ મિનિટમાં તમારું મન જો પ્રભુના વિચારો ને ભાવોમાં ડૂબી જાય ને પછી ભલે ને તે અવસ્થા પંદર–વીસ કે પચ્ચીસ મિનિટ જ ટકે, તો પણ તેથી મનની ચંચળતા ઓછી કરવામાં, મનને શાન્ત ને સંકલ્પ–વિકલ્પ રહિત કરવામાં તે જરૂરથી મદદરૂપ થશે. એટલે કેટલો વખત ધ્યાનમાં બેઠા તે કરતાં વધારે મહત્ત્વનું એ છે કે બેઠા તેટલા સમયમાં મનની વૃત્તિ કયાં રહી? ધ્યાનમાં રોજ બેસો ત્યારે તે જોતા રહેવાથી જરૂરથી લાભ થશે.

★

## ઈશ્વરને પામવા માટે શાની આવશ્યકતા છે?

જે ભેદ જુએ છે તે ઈશ્વરને નથી જાણતા. ઈશ્વરને જાણનાર તો એકલતાનો જ સંદેશ આપે છે. એ ઈશ્વરને પામવા માટે વસ્ત્રો કાઢી નાખવાની કે કામળો ઓઢવાની આવશ્યકતા નથી, પરંતુ પવિત્રતાની આવશ્યકતા છે. તમારું હૈયું પવિત્ર હશે અને તમારી ભક્તિ અનન્ય હશે, તો ઈશ્વર પોતે જ તમારા જીવનમંદિરમાં પ્રગટ થશે. ઈશ્વરને વેશની કે બહારના દેખાવની નથી પડી, એને તો શુદ્ધ હૃદય અને ભક્તિની અખંડ જ્યોત જોઈએ છે. જ્યાં સુધી અહંકારનો અંત નથી આવતો ત્યાં સુધી ઈશ્વર માટેનો સાચો પ્રેમ નથી જાગી શકતો.

—ગુરુ નાનક



## પરમ શક્તિ

આ અવનીમાં એક પરમ શક્તિનું અવતરણ થશે, જે એનાં લોખંડી બંધનોને તોડી નાખશે. પોતાના અદ્ભુત આત્મબળથી એ પ્રકૃતિમાં પણ પરિવર્તન કરશે. એના અસીમ ચિત્તમાં સૃષ્ટિનો સમાસ થશે. એના અંતરમાં દેવોની મધુર, મિષ્ટ ને ઉગ્ર ઊર્મિઓ પ્રકટીને પ્રેરણા આપતી હશે. વિશ્વની વિરાટ શક્તિઓ એની અંદર સંયોગ સાધશે. સ્વર્ગનું સૌંદર્ય એના રૂપમાં પૃથ્વી પર પગલી પાડશે. એના શાંત હૈયામાં પરમજ્ઞાનનો પ્રકાશ હશે, લોચનમાં કરુણા હશે, કાળની કંદરામાં બી વવાશે. મૃત્યુની ભૂમિમાં સ્વર્ગની ડાળી રોપાશે, પ્રકૃતિમાં ફેરફાર થશે અને એનો એક જ સંકલ્પ સૃષ્ટિને પલટાવી નાખશે.

શ્રી અરવિંદ

❋

આજની આપણી જરૂરિયાત વ્યક્તિત્વને મનોહર બનાવવાની નથી. સ્વત્વને સમૃદ્ધ કરવાની છે. વ્યક્તિત્વની રચના કરવા દોડનારને મોઢે ફીણ આવી ગયાં છે ને ભોંય પર પછડાઈને અધમૂઆ બની ચૂકયા છે. પણ જે સ્વત્વની શોધમાં છે તે પણ થાકતા નથી, કંટાળતા નથી કારણકે તેને નવું નવું જીવનધન મળતું જ રહે છે, પળે પળે વધુ ને વધુ પાંગરતું જાય છે. કારણ વૃદ્ધાવસ્થા અને મૃત્યુની પેલી પાર તે જઈ પહોંચ્યો છે. સુખદુઃખથી વધુ બળવાન એવું આનંદતત્ત્વ તેને મળ્યું છે. લાભહાનિના ગણિતની પેલી પાર આત્મવિસર્જનનું મહાકાવ્ય તે માણી શકયો છે. 'સર્વ' માટે 'સ્વ'ને તેણે ઉડાવી દીધું છે.

ચિંતનયાત્રા

## The New Vinod Silk Mills Private Ltd.

Kasturchand Mills Estate, Dadar, Bombay

*Most trusted name for processing of polyester, Acrylie Polyester / Viscose Suitings & Shirtings & Top Dyed Suitings & all Varieties of Synthetic Fabrics*



" જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા, સુખ કે શાંતિનો અનુભવ નથી થતો."

–શ્રી યોગેશ્વરજી

## કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

**ઓઈલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧

ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭



'ન્યુલાઈફ "ની દવાઓથી રોગ ને બિમારીમાંથી મુક્તિ મળે છે. ઈશ્વરભક્તિ અને યોગથી તનની સાથે મનના રોગ પણ મટે છે. ભવના ફેરા ટળે છે.

# *NULIFE*

## *Pharmaceuticals*

*410 Parekh Market, Opera House, Bombay–4*

*203 Pleasant Apartments 15th Lane, Prabhat Road, Poona–4*

એકવાર જીવનમાં 'રામ'નો પ્રવેશ થાય પછી ત્યાં કામ, ક્રોધ, કે મોહ રહી શકતા નથી. જ્યાં પ્રકાશ થાય, ત્યાં અંધારું શી રીતે રહી શકે ?

–શ્રી યોગેશ્વરજી


# શ્રી રામ પ્લાસ્ટીક્સ

જી. આઈ. ડી. સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પો. બો. નં. ૧૧
મહુવા ૩૬૪૨૯૦ (જિ. ભાવનગર) ગુજરાત
ફોન : ઓફિસ-૪૬૮, ફેક્ટરી-૨૮૫, ઘર-૫૪૩
ગ્રામ : ASHRA

પોલીપ્રોપીલીન પ્લાસ્ટીકની અત્યંત પારદર્શક અને ટકાઉ બેગ્ઝ-કોથળીઓ નીચેની સાઈઝોમાં બને છે.

પહોળાઈ : ૯॥", ૧૦", ૧૦॥", ૧૧", ૧૧॥", ૧૨", ૧૩", ૧૪", ૧૬", ૧૮", ૨૦" અને ૨૪"

લંબાઈ : જરૂરિયાત મુજબ બની શકશે.


ટાઈટલ : સરસ્વતી પ્રેસ મુદ્રિત